SOSA Parivar



## અંગ્રેજ શાસન સામે

# વણકરોનો સંઘર્ષ

નાથુ સોસા

*અંગ્રેજશાસન સામે*

# *વણકરોનો સંઘર્ષ*

**Struggle of Vankars against British rule**

**નાથુ સોસા**
*મો.* + 91-92851-46448
www.nathusosa.com
Email : nathusosa@gmail.com
YouTube: @nathusosa9781
Facebook: www.facebook.com/nathu.sosa.9
Twitter: @nathusosa
Instagram: nathu.sosa.9

**પ્રાપ્તિ સ્થાન**
**શ્રીમતી નીરૂ નાથુ સોસા**
૧, રઘુનંદન. ચિત્રકુટ બંગ્લોઝ, શિવદર્શન રો-હાઉસ સામે,
સી. કે. પાર્ક પાસે, હનીપાર્ક રોડ, અડાજણ, સુરત - ૩૯૫૦૦૯

**પ્રકાશક**
સૂર્યજિત પબ્લિકેશન પ્રાઈવેટ લિમિટેડ
અમદાવાદ - ૩૮૦૦૫૮

**આવૃત્તિ : જૂન, ૨૦૨૪**

**મૂલ્ય રૂ. ૧૦૦/-**

**મુદ્રણ સંસ્કાર**
મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઓફસેટ,
આંબલી ગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૮
Email : mail@suryaoffset.com

# અનુક્રમણિકા


૧. ભારતના સ્વતંત્ર્ય સંગ્રામમમાં વણકરોનું પ્રદાનઃ અઢારમી અને ઓગણીસમી સદીના સંદર્ભમાં....................................................૧૨

૨. અઢારમી અને ઓગણીસમી સદીના જન-આંદોલનના ઈતિહાસની ઉપેક્ષા....................................................................૧૬

૩. બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના આગમન પહેલા વણાટ ઉદ્યોગની સ્થિતિ..............................................................૧૯

૪. બ્રિટિશરોના વણકરો પરના અત્યાચારો.........................................૨૪

૫. ઈંગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિ........................................................૨૮

૬. બ્રિટિશરોના વણકરો પરના ઘાતક કાયદાઓ.................................૩૦

૭. ભારતના વણકરોના સ્વતંત્રતા માટેના આંદોલનો............................૩૮

૮. નિષ્કર્ષ.......................................................................................૪૩


W. MEYER X.A.



# નિવેદન

ભારતની સમૃદ્ધિ પ્રતિષ્ઠા દેશના કારીગરોના શ્રમ અને કૌશલ્ય થકી હતી. અઢારમી સદીમાં આ કારીગરો દેશની પ્રગતિના સાચા વાહકો હતા. તેઓની કૌશલ્યનિષ્ઠાથી વિદેશીઓ રસતરબોળ થયા વગર રહેતા નહીં. સ્થાપત્ય અને હુન્નર ઉદ્યોગમાં ભારતના કારીગરોની ભૂમિકા અજોડ હતી. વિશ્વના વિકાસના ઇતિહાસના અધ્યયનથી આ જોવા મળે છે. જે રીતે  સમાજનો અગ્રવર્ગ  પ્રગતિનો અધિનાયક છે એટલો જ બીજાઓની સુંદરતાનો લૂંટનાર ખલનાયક પણ છે. સામંતવાદ સમાજવાદ કે સામ્યવાદના સિધ્ધાંતો દ્વારા તેના સ્વરૂપને જુદું પાડી શકાય છે. ઔદ્યોગિક ક્રાંતિના પ્રચારક અને પ્રસારક તરીકે વિશ્વમાં બ્રિટિશરો અગ્રવર્ગ તરીકે રહ્યો હતો. પરંતુ બ્રિટિશરોનો ભારત પ્રવેશ અગાઉની વિદેશી પ્રજાઓના આગમન અને આક્રમણ કરતા તદ્દન જુદા સ્વરૂપ અને જુદા સિદ્ધાંતો સાથેનો હતો. તેઓએ આ દેશમાં પોતાના સ્વાર્થપ્રેરક હિતો અને વિચારો દ્વારા સંઘર્ષ શોષણ અને ચેતના પ્રસરાવ્યા હતા. યુરોપમાં અંગ્રેજો ઉદાર વિચારોના પ્રચારક ગણાતા. પરંતુ એશિયા અને આફ્રિકામાં તેમણે પોતાના સંસ્થાનો સ્થાપી આ દેશના લોકોનું ભારે શોષણ કર્યું હતું. પોતાના દેશમાં મજદૂરોની અધિકાશ-ભૂખને સંતોષવા કંપનીના વ્યાપારીઓ અને સત્તાધીશો ભારતને વધારે નિચોવી રહ્યા હતા.

અઢારમી અને ઓગણીસમી સદીના સંદર્ભમાં આપણે જોઇએ તો અઢારમી અને ઓગણીસમી સદીમાં અગ્રેજોએ ભારતના કારીગર વર્ગની વણાટકલા તેમજ અન્ય પ્રકારની કલા પ્રવૃતિ હતી. તેને બ્રિટીશમાં વિકસાવવી હતી. અને ભારતના કારીગર વર્ગ પાસેથી તમામ વણાટકલાઓને વિકસાવવા માગતા હતા પરંતુ ભારતના કારીગર વર્ગને યોગ્ય વળતર પણ આપતા નહોતા. જેથી ભારતના કારીગર વર્ગ તેમજ

***૨૧મી સદી નવી આશા અને નવાં (વિચારો) સ્વપ્નાંની સદી છે. ત્યારે વિચારવાનું એ રહ્યું કે, શું આપણા બધા જ પ્રશ્નો પૂરા થઇ ગયા છે? તો જવાબ જોઇએ તેવો હકારાત્મક નથી. ઘણા બધા મુદ્દા અને વિષયો ઉપર કામ કરવાનું હજુ બાકી છે. ત્યારે પ્રશ્ન થાય કે ૨૦ મી સદીમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરે સોશ્યલ જસ્ટીસ, ઇકોનોમી જસ્ટીસ અને પોલિટિકલ જસ્ટીસની સ્થાપના કરવી હતી તેથી, દેશના બંધારણમાં સોશ્યલ, ઇકોનોમિકલ અને પોલીટીકલ જસ્ટીસની કલ્પના રહી છે. જેમાં સોશ્યલ જસ્ટીસ ગત સદીના અંત સુધીમાં થોડા પ્રમાણમાં એટેન્ડ થઇ છે. પરંતુ હજુ ઇકોનોમિક અને પોલિટિકલ જસ્ટીસ સ્થાપિત કરવાનું કાર્ય બાકી છે.***

વણાટકલાઓ સાથે જોડાયેલા વણકરોએ જન-આંદોલનના અવાર નવાર કરવામાં આવ્યા હતા પરંતુ ઈતિહાસમાં તેની ઉપેક્ષા કરવામાં આવી. બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના આગમન પહેલા વણાટ ઉદ્યોગની અદભૂત અને શ્રેષ્ઠ સ્થિતિ ભારતમાં હતી. વણકરોએ ભારતીય સ્વતંત્ર્ય સંગ્રામમાં આપેલા પ્રદાનને ઉજાગર કરવાનો અહીં પ્રયત્ન કર્યો છે.

વણકરોનો સામાજિક સમાનતાનો સંઘર્ષ અને આધુનિક ઈતિહાસ લેખનમાં દેશના અસ્તિત્વ અને અસ્મિતાને ટકાવી રાખવા તથા ગૌરવ અપાવવા માટેના જે પ્રયત્નો આમ જનતાએ કર્યા હતા, તેઓએ બ્રિટિશ શાસન કરતાં તેમજ શોષણખોરો સામે જે અસંતોષ વ્યકત કર્યો હતો તેને માત્ર હુલ્લડથી વિશેષ સ્થાન આપવામાં આવ્યું નથી. સ્વતંત્રતા માટેની પ્રથમ લડાઈ કારીગરો, ખેડૂતો વગેરે લડયા હતા. અઢારમી અને ઓગણીસમી સદીના સંદર્ભમાં વણકર કારીગરોએ ખૂબજ પ્રમાણમાં વેદનાઓ અને પીડાઓ સહન કરી હતી. તેમના પ્રતિકારને કોઇ પણ જગ્યાએ સ્થાન આપવામાં આવ્યું નથી.

વણકરનો જે ઈતિહાસ ઢંકાયેલો છે, દબાયલો છે, તેને ઈતિહાસકારોએ ઉજાગર કર્યો નથી, અથવા તેમનામાં પડેલા મનુરોગને કારણે ઈતિહાસ રાષ્ટ્રમાં મૂકાયો નથી. સમગ્ર સમાજને કપડાં પહેરાવ્યાં એ સમાજને કોરાણે મૂકી દેવાયો હતો. અંગ્રેજો ભારતમાં વેપાર કરવા આવ્યા હતા, એ પણ કપડાંનો વેપાર હતો, તેઓ એમને ત્યાં ઉત્પન્ન થતું કાપડ વેચવા આવ્યા હતા; પરંતુ આપણા લોકોને એવું હતું કે, આમાં અમને કંઇ નુકશાન થવાનું નથી. જે વણકર સમાજની વણાટકલાનું કાપડ હતું તેમાં મખમલનું તેમજ અન્ય વણાટકલાઓનું સુંદર કાપડ ભારતમાં બનતું હતું અને તે કાપડને બનાવનાર વણકરો હતા, અને તે વણાટકલાનો અંગેજો નાશ કરી રહ્યા હતા. તે સમયે અંગ્રેજો દ્વારા ખૂબજ યાતનાઓ અને પીડાઓ વણકરો પર કરવામાં આવતી હતી. તેનું મુખ્ય કારણ એ હતું કે, આ વણાટમાં વૈવિધ્યપૂર્ણ કલા હતી અને તેની ખૂબ જ માંગ ભારતમાં અને ભારત બહારના દેશોમાં હતી; જે વણાટનું કાપડ તેઓને તેમના હસ્તક કરવું હતું

તેથી તેઓ દ્વારા યાતનાઓ આપવામાં આવતી હતી.

બ્રિટિશરો ભારતીય વણકરો પરના આવા અમાનુષી અત્યાચારો અંગે ઈતિહાસકાર વિલ્સન નોંધે છે કે 'ઈંગ્લેન્ડના પેજલી અને માન્ચેસ્ટરના કારખાનાઓનું ચણતર ભારતીય વણકરોના બલિદાન ઉપર જ કરવામાં આવ્યું' જેમ ઈંગ્લેન્ડમાં કાપડનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો એમ ભારતમાં પણ વણકરોની દુર્દશા માટેનો એક પણ પ્રયત્ન બાકી રાખવામાં આવ્યો નહોતો. ભારતના જ કાપડ ઉપર ભારતમાં જ ચાર ચાર વખત દાણ લેવામાં આવતું હતું. બિચારા વણકરો માટે પોતાની આ જીવાદોરીને કપાતી જોઈ રહ્યા સિવાય બીજો કોઈ માર્ગ જ નહોતો.

ભારતમાં સ્વંતત્ર સંગ્રામ પહેલાં વણકરોનો સંઘર્ષનો ઈતિહાસ રહ્યો છે. તેના પહેલાં અહીં ડૉ. બાબા સાહેબ આંબેડકરના વિચારોને સ્પષ્ટ કરવા જરૂરી છે. ભારતીય બંધારણના ઘડવૈયા, અસ્પૃશ્ય સમાજના કરોડોના તારણહાર આજે આપણી વચ્ચે શરીર રૂપે નથી, પરંતુ એક સશક્ત વિચારક-ચિંતક અને કર્મશીલ મહામાનવ તરીકે તેઓ હંમેશાં અમર રહ્યા છે અને રહેશે.

માનવવસ્તીના એક પંચમાંશ (૧/૫) હિસ્સાને, વગર કોરોનાએ હજારો વર્ષ સુધી અછૂત રાખ્યો એની પીડા અને વેદના ભારત દેશ આઝાદ થયાને ૭૬ વર્ષ થયા પછી પણ કોઈને થઈ છે ખરી? આજના સમયે પણ માનવતાથી હજારો જોજનો દૂર આ સમાજ જોવા મળે છે. મનુષ્ય માત્ર સમાન છે, અણું અણુંમાં ઈશ્વરનો વાસ છે, તો પછી અછૂત સમાજના હરેક વ્યક્તિમાં પણ ઈશ્વરનો વાસ હોવો સ્વાભાવિક છે. તે સ્વીકાર કરવાની તૈયારી ત્યારે પણ નહોતી અને આજે પણ નથી. ભારતના રાષ્ટ્રજીવનનો



આધાર આધ્યાત્મિક રહ્યો હતો. આ ધરતી પર વસનારા પ્રત્યેકમાં જીવ છે અને તેનું દરેકનું મહત્ત્વ એકબીજાને પૂરક હતું જે આજે આ જોવા મળતું નથી. કાળક્રમે તેમાં માનવતાના ગુણોની પણ મોટી ખોટ પડી ગઈ! વિકાસની પરંપરામાં, સમાજનું નેતૃત્વ કરનારા લોકો સમાજના પ્રત્યેક વર્ગમાંથી આવતા હતા. તેમણે પોતાના વ્યક્તિત્વ અને કર્તવ્ય દ્વારા સમગ્ર સમાજમાં સ્થાન બનાવી, સમાજને દિશા પણ ચીંધી હતી. અત્યારે માણસને માણસ ગણવાનું જ બંધ થયું, તે સમયે આપણને ડૉ. બાબા સાહેબ યાદ આવે.

૨૧મી સદી નવી આશા અને નવાં (વિચારો) સ્વપ્નાંની સદી છે; ત્યારે વિચારવાનું એ રહ્યું કે, શું આપણા બધા જ પ્રશ્નો પૂરા થઈ ગયા છે? તો જવાબ જોઈએ તેવો હકારાત્મક નથી. ઘણા બધા મુદ્દા અને વિષયો ઉપર કામ કરવાનું હજુ બાકી છે ત્યારે, પ્રશ્ન થાય કે, ૨૦ મી સદીમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરે સોશ્યલ જસ્ટીસ, ઈકોનોમી જસ્ટીસ અને પોલિટિકલ જસ્ટીસની સ્થાપના કરવી હતી તેથી, દેશના બંધારણમાં સોશ્યલ, ઈકોનોમિકલ અને પોલીટીકલ જસ્ટીસની કલ્પના રહી છે. જેમાં સોશ્યલ જસ્ટીસ ગત સદીના અંત સુધીમાં થોડા પ્રમાણમાં એટેન્ડ થઈ છે. પરંતુ હજુ ઈકોનોમિક અને પોલિટિકલ જસ્ટીસ સ્થાપિત કરવાનું કાર્ય બાકી છે.

સને ૧૯૨૦થી ડૉ. આંબેડકર સાર્વજનિક જીવનમાં આવ્યા અને પોતાના વિચારો રજૂ કરવા તેમજ સામાજિક ક્રાંતિ જગાડવા માટે અને દલિત સમાજને જાગૃત કરવા મૂકનાયક નામનું સામાયિક શરૂ કર્યું હતું. સને ૧૯૨૪ માં 'બહિષ્કૃત હિતકારણી સભા' નામની સંસ્થાની સ્થાપના કરી; સંસ્થાનો પ્રારંભ કરતી વખતે એમણે કરેલા પ્રવચનમાં એમની મહાનતા અને સકારાત્મક દ્રષ્ટિનાં દર્શન થાય છે. એમની દ્રષ્ટિ સંકુચિત નહોતી. આ સંસ્થાના પ્રમુખ તરીકે એમણે ચિમનલાલ સેતલવાડની પસંદગી કરી હતી. એના કાર્યકારી મંડળમાં પણ ઘણા બધા સભ્યો સવર્ણ હતા. પોતાના જીવનનું લક્ષ્ય હિન્દુ સમાજને અસ્પૃશ્યતા અને જાતિવાદની નાગચૂડમાંથી મુકત કરવાનું હતું. આ સંસ્થાનું ઘોષ વાકયઃ Educate. Agitate And Organise (શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો.)

૧૯૨૮ માં ડૉ. બાબાસાહેબ આંબેડકરે થીયરી ઓફ ઈકોનોમીક ડેવલપમેન્ટ રજૂ કરી હતી. જેમાં દેશના વિકાસના મોડલમાં, ઈન્કલુસીવ ઈકોનોમી ગ્રોથના હિમાયતી ડો. બાબાસાહેબ રહ્યા હતા, જેમાં સમાજના દલિત અને પછાતવર્ગની હિસ્સેદારી હોય અને એમના માટે એમણે કામ કર્યું હતું. આજે ભારત ૧૪૦ કરોડની વસ્તી ધરાવતો દેશ છે. બાબાસાહેબ આજે હયાત હોત તો દલિત, આદિવાસી અને ઓબીસી, જેમની જનસંખ્યા દેશની જનસંખ્યામાં ૭૮ ટકા છે, પરંતુ તેમનું દેશના જી.ડી.પી.માં પ્રદાન લગભગ નહિવત છે. જેના માટે ડૉ. બાબાસાહેબે વિચાર કર્યો હોત તેમજ તેને કાર્યાન્વિત કરવા માટેનું કાર્ય ચોક્કસ કર્યું હોત.



ડૉ. બાબાસાહેબ આંબેડકર સમાજના તમામ વર્ગની હિસ્સેદારી દેશના આર્થિક વિકાસમાં થાય તેવી ચિંતા, તેવા કાર્યક્રમો, તેવી યોજના અને તેવી સરકારની નીતિઓ કરી, ઈકોનોમીક જસ્ટીસ સ્થાપિત કરવાનું કાર્ય કર્યું હોત. પોલીટીકલ જસ્ટીસ બંધારણીય જોગવાઇ છે માટે લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં અનુ.જાતિ અને અનુ.જનજાતિની બેઠકો અનામત છે અને તેથી સમાજનું પ્રતિનિધિત્વ જે તે જગ્યાએ થઇ રહ્યું છે. પણ આપણે ૭૬ વર્ષ પછી એવા સમાજનું નિર્માણ કરી શક્યા છીએ કે જયાં બંધારણીય જોગવાઇ ન હોય તેવા સંજોગોમાં પણ એસ.સી/એસ.ટી. નું રાજકીય પ્રતિનિધિત્વ સચવાઇ રહે? શું કોઇ વ્યકિત અનામત ના હોય અને છતાં મેરિટના આધારે પસંદગી પામી શકે? અહીં ડો.બાબાસાહેબ આંબેડકરે ચોકકસ ચિંતા કરી હોત.

ડો.બાબાસાહેબ આંબેડકરને ક્યાં ક્યાં યાદ કરીએ! જયારે દલિત સમાજનો એક વ્યકિત પોતાને ભવિષ્યમાં કોઇ અન્યાય ન થાય તે માટે પોતાની અટક બદલવાની કાર્યવાહી કરે છે ત્યારે બાબાસાહેબની યાદ આવે.

કોઇ એક અસ્પૃસ્ય સમાજનો સારામાં સારો ડૉકટર એમના વ્યવસાયમાં માત્ર દલિત હોવાને કારણે સંઘર્ષ કરે છે. ત્યારે બાબાસાહેબ યાદ આવે.

યુનિવર્સિટીઓમાં મેરિટ હોવા છતાં, કોઇ પીએચ.ડી ગાઇડ ન મળે ત્યારે બાબાસાહેબ યાદ આવે!

જયુડીસરી કે અન્ય બ્યુરોકેટમાં પ્રતિનિધિત્વ તરફ નજર કરીએ ત્યારે બાબાસાહેબ યાદ આવે.

કોઇ એક દલિત એન્ટરપ્રીયર પોતાના સાહસ માટે બેંકમાં લોન લેવા જાય અને મુશ્કેલીઓનો સામનો કરે, તે સમયે બાબાસાહેબ યાદ આવે.

દેશના સર્વાંગી વિકાસ માટે વિકાસશીલમાંથી વિકસિત ભારતના સંદર્ભે ડૉ.

બાબાસાહેબ યાદ આવે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર દેશને શ્રેષ્ઠ જોવા માંગતા હતા. એમણે દેશના વિકાસની રૂપરેખા રજૂ કરી હતી કે ભારત એ કૃષિપ્રધાન દેશ છે એમાંથી બહાર આવી, ઝડપથી દેશ માટે ઔદ્યગિકીકરણ અપનાવવાની હિમાયત કરી હતી. ભારતે દુનિયા સાથે દોડવું હશે તો ઉદ્યોગને પ્રાધાન્ય આપવું જ પડશે, એવો દ્રષ્ટિકોણ રજૂ કર્યો. ભારતની ધરતી અત્યંત પ્રાચીન છે. આજે તે સંકોચાઇ ગઇ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે જ્ઞાનનો ઉપયોગ માનવ કલ્યાણ માટે કર્યો હતો. તેમના આર્થીક ચિંતનનું કેન્દ્રબિંદુ ભારતીય સંસ્કૃતિની ધરોહરમાં સમાયેલું હતું. તેમનો આર્થિક મંત્ર હતો ''બહુજન સુખાય બહુજન હિતાય.'' જીવ માત્રની ચિંતા કરે એવા આર્થિક દર્શનના હિમાયતી હતા. આ દેશના વિકાસમાં અને આ દેશની સુખાકારીમાં તમામ વર્ગની હિસ્સેદારી હોય તેવો તેમનો દ્રષ્ટિકોણ રહ્યો હતો.

બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરના જીવનમાં ખૂબ જ અભાવ અને ઉપેક્ષાભર્યા જીવનનું સામ્રાજય, અંતિમ તબકકા સુધી જોવા મળે છે. પરંતુ તેઓએ હાર્યા વિના સતત ને સતત પરિશ્રમ અને પુરૂષાર્થથી પોતાની જાતને તપાવી અને તામ્રવર્ણ જીવન બનાવ્યું. એમણે પોતાના દેદીપ્યમાન વિચારોને આધારે જીવન ઉચ્ચકોટિનું બનાવ્યું. જે શકિતને આધારે તેઓ મહાન બન્યા. તેમની પાસેનું વિચારોનું ભાથું અને વિચારોની શકિત તેમના વિચારોની તાકાતથી શુદ્ર સમાજને રાષ્ટ્રના મુખ્યપ્રવાહમાં ભેળવી; નાત-જાત તેમજ વર્ણવ્યવસ્થાને દૂર કરી, વિચારો સાથે સમાજને તેમજ રાષ્ટ્રને દિશાદર્શન કરાવી, સમાજને તેમજ રાષ્ટ્રના સવર્ણ સમાજને કડવી દવા દ્વારા જે ઊંચ-નીચ વર્ગના રોગને મટાડવા માટે કડવી વાણી બોલીને પણ જણાવ્યું હતું કે આ રાષ્ટ્રને સર્વ સમાવેશક તેમજ સર્વ સમાવેશકના ભાવ સાથે સતતને સતત રાષ્ટ્રની, સમગ્ર સમાજની સમાનતાનો હકક આપીશું નહિ ત્યાં સુધી, આ રાષ્ટ્રની પ્રગતિ નહીં થાય. રાષ્ટ્રની પ્રગતિ કરવી હશે, તો સ્ત્રીને સમોવડી બનાવવી પડશે અને તેને શિક્ષણની સાથે સાથે સમાન હકકો પણ આપવા પડશે. જો આપણે આ કરી શકીશું તો

***આપણા વિશાળ રાષ્ટ્રને જુઓ. તેની શું સ્થિતિ છે અને નાનકડા જાપાનની સ્થિતિ શું હતી અને આજે એ જ જાપાને પ્રગતિ કરી દુનિયાના મુખ્યરાષ્ટ્રોમાં પોતાનું સ્થાન બનાવી લીધું છે. હિંદુસ્તાનમાં આજે જે કૃત્રિમ જાતિભેદ છે તે ત્યાં પણ અસ્તિત્વમાં હતો, પરંતુ સમુરાઇ જાતિના વરિષ્ઠ કહેવાતી વ્યકિતઓએ પોતાનું જાતિગત વરિષ્ઠપણું છોડી પોતાના અજ્ઞાની અને દુઃખી બંધુઓને જ્ઞાની અને સુખી બનાવ્યા. આનાથી તેમનામાં પ્રેમ સંપાદનથી તેમનામાં પોતિકાપણાની નવી રાષ્ટ્રીય ભાવના ઉત્પન્ન કરી. ત્યાં માતૃભૂમિની ઉન્નત અવસ્થા માટે કારણભૂત બન્યું.''***

જ, આ રાષ્ટ્રની સુખાકારી, સમૃદ્ધિ અને વિકાસને આગળ ધપાવી શકીશું; પરિવાર-સમાજ તેમજ રાષ્ટ્રની પ્રગતિનું અનુમાન ત્યારે જ નકકી કરી શકાય, તે પરિવાર, સમાજ તેમજ રાષ્ટ્રમાં સ્ત્રીની સ્થિતિ કેવી છે? પ્રારબ્ધના ભરોસે બેસી ન રહેતાં લક્ષ્ય નકકી કરી સંકલ્પબધ્ધ થઇ અથાક પરિશ્રમ કરીએ તો જ સફળતા પ્રાપ્ત થાય છે. સમાજમાં જે અજ્ઞાનતા, ગરીબી, શોષણ છે તેને દૂર કરવાની જવાબદારી શિક્ષિત સમાજના આગેવાનોની છે.

ડો. આંબેડકર કહેતા કે ઈશ્વર આ જગતમાં છે કે નહિ તેનો વિચાર કરવાની તમારે જરુર નથી. જે કાંઇ ઊથલપાથલ થાય છે તે મનુષ્યો દ્વારા જ થતી હોય છે. એ જ ખરી વાત છે. તમારો ઉદ્ધાર કરવા કોઇ આવવાનું નથી. તમે તમારા મનમાં બરાબર નિશ્ચય કરી લો તો, તમારો ઉદ્ધાર કરવા તમે જ સમર્થ છો. આમ વિચારોનું મૂળ ઉદગમ અતિ મહત્વનું ઈંધણ સમાજને પૂરું પાડવામાં તેમના જીવનની તમામ ક્ષણ સમાજ તેમજ રાષ્ટ્ર માટે સમર્પિત કરનાર મહાનાયક ડૉ. બાબા સાહેબ આંબેડકરને માનવમાંથી મહા-માનવ બનાવ્યા, મસીહા બનાવ્યા. ગરીબો-શોષિત-પીડિત મજદૂર વર્ગના મુકિતદાતા બનાવ્યા. સમુદ્ર મંથનમાંથી નીકળનારું અમૃત રાષ્ટ્રને અર્પણ કર્યું છે અને ડૉ. બાબા સાહેબ આંબેડકરે જીવનભર વિષના ઘૂંટડા જ પીધા અને તેને પચાવી, રાષ્ટ્રના જન જનને અમૃત અને અમૃત જ આપ્યું! ભારતના ભવિષ્ય માટે અમૃત જ બચ્યું. જ્ઞાનની શકિતથી વિષને તો ડૉ. ભીમરાવ આંબેડકરે પચાવી લીધું હતું. આ અમૃત ખરેખર જરૂરિયાતવાળા વર્ગ કે સમાજ સુધી પહોંચ્યું છે, તો જવાબ ના માં જ આવશે!

ડૉ. બાબાસાહેબ આંબેડકરે આપણને વિશ્વનું શ્રેષ્ઠ બંધારણ આપ્યું છે, તેનું આપણે સહુ જતન કરીએ. આજે આપણને દરેક પ્રકારની આઝાદી મળી છે તે, ડૉ. બાબાસાહેબ આંબેડકરના આપેલા બંધારણની દેન છે.

આપણા વિશાળ રાષ્ટ્રને જુઓ. તેની શું સ્થિતિ છે અને નાનકડા જાપાનની સ્થિતિ શું હતી અને આજે એ જ જાપાને પ્રગતિ કરી દુનિયાના મુખ્યરાષ્ટ્રોમાં પોતાનું અગ્રેસર સ્થાન બનાવી લીધું છે. હિંદુસ્તાનમાં આજે જે કૃત્રિમ જાતિભેદ છે તે ત્યાં પણ અસ્તિત્વમાં હતો, પરંતુ સમુરાઇ જાતિમાં વરિષ્ઠ કહેવાતી જાતિઓએ પોતાનું જાતિગત વરિષ્ઠપણું છોડી દઈ, પોતાના અજ્ઞાની અને દુઃખી બંધુઓને જ્ઞાની અને સુખી બનાવ્યા. આનાથી આ પ્રેમ સંપાદનથી તેમનામાં પોતિકા પણાની નવી રાષ્ટ્રીય ભાવના ઉત્પન્ન કરી, જે ત્યાં માતૃભૂમિની ઉન્નત અવસ્થા માટે કારણભૂત બન્યું.''

''અછૂતો સામે જટિલ પડકારો છે. હું બધી સમસ્યા ઉકેલી શકીશ નહીં એ વાત હું જાણું છું, પરંતુ મને એક વાતનો વિશ્વાસ છે કે, હું આ પડકારોને સમગ્ર દુનિયાની સામે મૂકી, આપણી વ્યથા તરફ ધ્યાન આપવા મજબૂર કરીશ. આ પડકારો મહાન

હિમાલય જેવા છે. હું આ હિમાલય સાથે મારું મસ્તક પછાડવા જઇ રહ્યો છું. આથી એક વાત યાદ રાખજો કે, હું હિમાલયને તો ઝુકાવી ન શકું તો કંઇ નહીં; પણ મારા રક્તરંજિત કપાળ તરફ જોઇને સાત કરોડ (આજે ૨૨ કરોડ) અછૂતો હિમાલયને ઝુકાવવા માટે પોતાના જીવનનું બલિદાન આપવા જરૂર તૈયાર થઇ જશે, પરંતુ તમે પોતે તમારા પોતાના લોકો માટે પ્રતિકૂળ ભાવનાઓને ઉશ્કેરશો તો ભગવાન પણ તમને નહીં બચાવી શકે!''

ડૉ. બાબા સાહેબની અને આઝાદી પહેલાના સમયે વણકરોએ કરેલા આંદોલનોની સંશોધાત્મક થિયેરીઓ અને લેખો અલગ અલગ કોલેજે કર્યા છે. અને એવા કોલેજ ના પ્રોફેસર ડૉ. લક્ષ્મણ વાઢેર તેમજ તેમની ટીમનો આ ક્ષણે આભાર વ્યક્ત કરુ છું; તેમજ આ કાર્યમાં સહયોગ કર્યો છે, તે તમામનો ઋણી રહીશ. આપ સૌની સમક્ષ ઈતિહાસ લાવ્યો છું. અને જે ભારતનો વાસ્તવિક ઈતિહાસ દબાયેલો છે, તેને રાષ્ટ્રની સમક્ષ મૂકવો જરૂરી અને આવશ્યક છે અને એમાં આપણી અને આપના રાષ્ટ્રનો વણલખાયેલો ઈતિહાસ બહાર લાવવો તે મોટી જવાબદારી છે. જે સમાજ કે જેમણે સમગ્ર સમાજના અંગ ઢાંક્યાં, આવા સમાજનો ઈતિહાસ ઉજાગર કર્યો છે. જે વડે આપ સૌમાં ગર્વ અને ખુમારી પ્રગટ થશે તેવો મને ચોક્કસ વિશ્વાસ અને ભરોંસો છે. જ્યારે પરિસ્થિતિ બદલવી અશક્ય હોય તે સમયે, આપણે આપણા મનની સ્થિતિને મજબૂત કરીશું તો જ સાચી વાત મૂકવામાં સક્ષમ બનીશું.

મહાસાગરમાંથી થોડી ચમચીઓ મે અંજલિ સ્વરૂપે આ પુસ્તક પ્રગટ કરવા, વણલખાયેલો વણકરોનો ઈતિહાસ સામે લાવ્યો છું. આપ સૌને ગમશે તેવો મને ભરોસો અને વિશ્વાસ છે. જય ભીમ.

**નાથુ સોસા**
૧, રઘુનંદન. ચિત્રકુટ બંગ્લોઝ,
શિવદર્શન રો-હાઉસ સામે, સી. કે. પાર્ક પાસે,
હનીપાર્ક રોડ, અડાજણ, સુરત - ૩૯૫૦૦૯
(M) +91 9825146448. Mail: nathusosa@yahoo.com

# ૧

# ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં વણકરોનું પ્રદાન

## અઢારમી અને ઓગણીસમી સદીના સંદર્ભમાં

ભારતમાં બ્રિટિશ સામ્રાજય વિરોધી અભિયાનની પ્રથમ શરૂઆત ઇ.સ. ૧૮૫૭થી થઇ, એમ પુસ્તકિયા ઇતિહાસકારો માને છે અને આ સંગ્રામને રાજાઓ, નવાબોના અસંતોષ અને દેશી સૈનિકોની ધાર્મિક ભાવનામાં સીમિત કરવામાં આવ્યો છે. ખરેખર તો ૧૮૫૭ પહેલાં અને તે પછી પણ, બ્રિટિશ સામ્રાજય સામે સ્વાતંત્ર્ય સંગ્રામની જવાળા રાજા, મહારાજાઓ, નવાબો, સૈનિકો, અગ્રવર્ગ કરતાં ગામડાં અને શહેરોમાં રહેતા કારીગરોએ પ્રગટાવી હતી. આ મહાન કાર્યને ઇતિહાસના પાના ઉપર ન આલેખાયું એ આપણી મોટી વિકૃતી અને પૂર્વગ્રહ છે. આપણી આ કમનસીબી અંગે એલ. નટરાજન કહે છે કેઃ ''કોઇ રાષ્ટ્રના ઇતિહાસની ગૌરવગાથા રાજાઓની વંશ-પરંપરા નહીં, તેનો ચારે દિશાઓ પરનો વિજય નહીં, પરંતુ લોકો છે. જેણે સદીઓથી અન્યાય અને ઉત્પીડન સામે સતત સંઘર્ષ કર્યો છે. તેમ છતાં, જો આપણા દેશના ઇતિહાસકારોની દ્રષ્ટિ રાજવંશો અને વાઇસરોયોની પરંપરામાં જ (મંડીત) મંડાયેલી ના રહેલી હોત તો, આ પરંપરાથી જુદે જ માર્ગે જઇને આપણા દેશના લોકોને સાહસ અને શૌર્યને લગતી સામગ્રી પુષ્કળ પ્રમાણમાં પ્રાપ્ત થઇ હોત અને આઝાદીના માનવતાના સંઘર્ષોના ઇતિહાસમાં તેને ઉચિત સ્થાન મળી શકયું હોત''. દેશના આર્થિક વિકાસમાં અગ્રિમ ભાગ ભજવનાર લોકોની યાતનામાંથી ઉદ્‌ભવેલો અસંતોષ, યુરોપના તત્કાલીન આમ લોકોના આંદોલનોથી સહેજ પણ ઉતરતો નહોતો. છતાંય જે ઇતિહાસકારોનો ધર્મ જ



આપણા ઈતિહાસને તોડી-મરોડીને વિકૃત કરવાનો હતો; તેઓએ પોતાના ઈતિહાસના મોટાં મોટાં થોથાંઓમાં સામાન્ય કાર્ય કરનારાઓ સમાજવાદીઓના કાર્યોની જ પ્રશંસા કરી છે. વાઈસરોયો અને બીજા અંગ્રેજ શાસકોના સાવ નાના કાર્યોનું વિશદ વર્ણન કર્યું છે. બીજી તરફ ભારતીય ઈતિહાસકારોએ રાજારામ મોહનરાય, મહાદેવ ગોવિંદ રાનડે, દયાનંદ સરસ્વતી અને બીજા સુધારકોની પ્રશસ્તિ કરી છે. પરંતુ સંઘર્ષના જે શકિતશાળી રૂપોમાં લોકોનો અસંતોષ પ્રગટ થયો તે અંગે, બન્ને પક્ષના ઈતિહાસકારો ચૂપ રહ્યા છે. આધુનિક ઈતિહાસ લેખનમાં દેશના અસ્તિત્વ અને અસ્મિતાને ટકાવી રાખવા તથા ગૌરવ અપાવવા માટેના જે પ્રયત્નો આમ જનતાએ કર્યા હતા, તેમજ શોષણખોરો સામે જે અસંતોષ વ્યકત કર્યો હતો; તેને માત્ર હુલ્લડથી વિશેષ સ્થાન આપવામાં આવ્યું નથી. સ્વતંત્રતા માટેની પ્રથમ લડાઈ કારીગરો, ખેડૂતો વગેરે લડયા હતા. બ્રિટિશમાં જે કારીગર વર્ગ રહેતો હતા, તેજ વર્ગ ભારતમાં પણ તેઓની સામે હતો. તેઓએ બ્રિટિશ સલ્તનતને સતત હચમચાવી હતી. આથી ગાંધીજીની પ્રવૃત્તિની પૂર્વભૂમિકા પણ આ વર્ગના લોકોએ સર્જી હતી એમ કહી શકાય. આ મહાન જનસંઘર્ષને ઈતિહાસકારોએ વર્ણવ્યો જ નથી. તે બાબતને ઈતિહાસકારો શરતચૂક સૂચવે છે. તેમના અજ્ઞાનતાનું પ્રદર્શન છે કે, અંગ્રેજી શિક્ષણ-જાળમાં સપડાઈને આચરેલી પૂર્વગ્રહયુકત પ્રવૃત્તિ છે? તેથી ભારતીય ઈતિહાસ લેખનકારો સમર્થતા અંગે સહેજે શંકા ઉપજે તો તેમાં આશ્ચર્ય ન થવું જોઈએ.

અંગ્રેજોએ તો ખૂબ જ ધીરજપૂર્વક અને યુકિતપૂર્વક કારીગર વર્ગના કંપની સામેના

***સંઘર્ષના જે શકિતશાળી રૂપોમાં લોકોનો અસંતોષ પ્રગટ થયો તે અંગે બન્ને પક્ષના ઇતિહાસકારો ચૂપ રહ્યા છે. આધુનિક ઇતિહાસ લેખનમાં દેશના અસ્તિત્વ-અસ્મિતાને ટકાવી રાખવા તથા ગૌરવ અપાવવા માટેના જે પ્રયત્નો આમ જનતાએ કર્યા હતા તેમજ શોષણખોરો સામે જે અસંતોષ વ્યકત કર્યો હતો, તેને માત્ર હુલ્લડથી વિશેષ સ્થાન આપવામાં આવ્યું નથી. સ્વતંત્રતા માટેની પ્રથમ લડાઇ કારીગરો, ખેડૂતો વગેરે લડયા હતા. બ્રિટિશમાં જે કારીગર વર્ગ રહેતો હતો, તેજ વર્ગ ભારતમાં પણ તેઓની સામે હતો. તેઓએ બ્રિટિશ સલ્તનતને સતત હચમચાવી હતી. આથી ગાંધીજીની પ્રવૃત્તિની પૂર્વભૂમિકા પણ આ વર્ગના લોકોએ સર્જી હતી એમ કહી શકાય.***

સંઘર્ષને, બ્રિટિશ સામ્રાજ્યએ પોષક ઇતિહાસ લખ્યો-લખાવ્યો તેમ આપણા દેશના ઈતિહાસકારોએ પણ કેટલાક લોકો તેમના નેતૃત્વના ગુણોથી અંજાઇ જઈ જન આંદોલનના આ અભિયાનની ચર્ચા કરવાનું ટાળ્યું છે. જેનો બોધપાઠ લેવાની આજના સંક્રાંતિના દિવસોમાં આપણે સૌને તાતી જરૂર છે, એ જ લખાયું નથી.

અઢારમી અને ઓગણીસમી સદીમાં સંસ્થાનવાદ વ્યાપારી પ્રવૃત્તિના તીવ્ર પ્રભાવ હેઠળ, આ સાહસને અવરોધક કોઈ પણ તાકાતને તોડી નાખવાનો તેઓનો મૂડ હતો. એવા સમયે દેશના વણકરોએ કંપનીના માણસોને હચમચાવી નાખ્યા હતા. સદીના બીજા દશકાથી બ્રિટિશ સંસ્થાનવાદી પ્રવૃત્તિમાં અન્ય દેશો સાથેના સંઘર્ષને લીધે શિથિલતા વરતાતી હતી. તેઓમાં ઉગ્રતા હતી, પરંતુ શરૂઆતના વારસો જેવી હતી. તેથી ગાંધીજીની નમ્રતાએ તેઓને ઝૂકાવી દીધા.

કારીગરોના આંદોલનોમાં ગાંધીયુગના આંદોલન જેવા ઉદેશ્યની કદાચ ખામી હશે! પણ પોતાના કૌશલ્ય અને જીવન નિર્વાહને પ્રમાણિક પણે ટકાવવા અને વિકસાવવાનો મહાન ઉદેશ્ય તો જરૂર રહેલો હતો. વળી વીસમી સદીના આરંભથી જે આંદોલનો થયાં, તે મોટે ભાગે બ્રિટિશ હકૂમત સામે જ હતાં. જયારે આ પહેલાંનાં આંદોલનો જમીનદારો, વ્યાપારીઓ, અધિકારીઓ, રાજાઓ અને બ્રિટિશ સરકાર સામે અનેક ઉત્પીડનોના બેવડા-ત્રેવડા દમન સામેનાં હતાં. જનસંઘર્ષની કેટલીક મહત્તા હોવા છતાંય, તેને યશ મળ્યો નથી. આ અંગે શ્રી એલ. નટરાજન કહે છે કે, ‘‘ચંપારણ સત્યાગ્રહ પહેલાં ઈ.સ.૧૮૬૦માં ગળીની ખેતી કરનાર ખેડુતોએ અસહયોગનું સાધન અપનાવ્યું હતું. આમ આધુનિક ઈતિહાસમાં પૂર્ણ હડતાલ માટેનું પહેલું વ્યાપક અસહકારી આંદોલન માટેનું શ્રેય બંગાળના ખેડૂતોને મળવું જોઈએ, જે ન મળ્યું. જોકે આ શ્રેયના ખરા અધિકારી આ ખેડૂતો છે.

દેશના ઈતિહાસ લેખન અંગે બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય કહે છે કે, અધિકારી લોકો જો ચકલી મારવા જાય તો તેનો પણ ઈતિહાસ લખાય છે, કે જે વાસ્તવમાં ઈતિહાસ



હોતો નથી. છતાંય આપણે તેને જ ઇતિહાસ સમજીએ છીએ; એ મોટું દુઃખ છે. આ પ્રકારના ઇતિહાસમાંથી ભાવિ પેઢી શું બોધ લેશે? શ્રી રવીન્દ્રનાથ ટાગોરે આ પ્રકારના ઇતિહાસ લેખન અંગે કહ્યું છે કે ''આપણે પેટની રોટલીને બદલે સુશાસન, સુવિચાર અને સુશિક્ષા. બધું જ એક મોટી દુકાનમાંથી ખરીદીએ છીએ. બાકી બજાર બંધ છે. જે દેશ ભાગ્યશાળી છે તે હંમેશા સ્વદેશને પોતાના દેશના ઇતિહાસમાં શોધે છે, પ્રાપ્ત કરે છે. આપણે ત્યાં જુદું છે. દેશના ઇતિહાસે જ આપણા સ્વદેશને છૂપાવી રાખ્યો છે.'

કંપની સરકારના શોષણ સામે વણકરોએ મુક્તિ માટેના પ્રયાસો કર્યા એ પહેલાં તેઓ કંપનીના શોષણનો ભોગ બન્યા હતા.

# ૨

# અઢારમી અને ઓગણીસમી સદીના જન-આંદોલનના ઇતિહાસની ઉપેક્ષા



ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં વણકરોના પ્રદાનને અઢારમી અને ઓગણીસમી સદીના સંદર્ભમાં આપણે જોઈએ તો, અઢારમી અને ઓગણીસમી સદીના વણકરોના જન-આંદોલનના ઈતિહાસમાં થયેલ ઉપેક્ષાની ટિપ્પણી તેમણે બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના આગમન પહેલાં, વણાટ ઉદ્યોગની સ્થિતિ ખૂબજ સારી હતી, પરંતુ બ્રિટિશરોના વણકરો પરના અત્યાચારો અને તેના સ્વરૂપની સંદર્ભસભર વિગતો રજૂ કરી છે. ભારતના વણકરોના સ્વતંત્રતા માટેના આંદોલનોની વિગતો આપી છે. આ રીતે ઈતિહાસમાં ઉપેક્ષા પામેલ વણકરોએ, ભારતીય સ્વતંત્ર્ય સંગ્રામમાં આપેલા પ્રદાનને ઉજાગર કરવાનો પ્રયત્ન કર્યો છે.

ઈ.સ. ૧૭૫૭માં પ્લાસીના યુદ્ધમાં બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના લશ્કરે બંગાળના નવાબ સિરાજ ઉદદૌલાને હરાવી, ભારતમાં કંપનીના શાસનની સ્થાપના કરી હતી.

***દેશમાં કારીગરોની કલા-સૂઝને લૂંટવાનું કાર્ય આ વ્યાપારી આક્રમણકારીઓએ કર્યું હતું. મધ્યયુગીન ઇસ્લામિક આક્રમણોમાં ધર્મઝનૂન પ્રબળ હતું. તેથી તેઓએ મંદિરોની મૂર્તિઓની તોડફોડ કરી સ્થાપત્ય-કલાને નુકસાન પહોંચાડયું હતું, ઘણી કલાને નષ્ટ કરી નાંખી હતી. પરંતુ આદેશને સૌથી વધારે નુકસાન વ્યાપારી આક્રમણોએ કર્યું છે. દેશના વણાટ ઉદ્યોગ સાથે સંકળાયેલા કારીગરોને પોતાના આંગળા કાપવા પડયા હતા. આ યાતનાઓનો સૌથી વધારે ભોગ વણકરો બન્યા હતા. બ્રિટિશરોના દમનથી ત્રસ્ત થયેલા વણકરો મુક્તિ માટેના સંગ્રામો લડયા હતા.***

આ બ્રિટિશરોનો ભારત પ્રવેશ અગાઉની વિદેશી પ્રજાઓના આગમન અને આક્રમણ કરતા, તદ્દન જુદા સ્વરૂપ અને સિદ્ધાંતો સાથેનો હતો. તેઓએ આ દેશમાં પોતાના સ્વાર્થપ્રેરક હિતો અને વિચારો દ્વારા સંઘર્ષ, શોષણ અને ચેતના પ્રસરાવ્યાં હતાં. યુરોપમાં અંગ્રેજો ઉદાર વિચારોના પ્રચારક ગણાતા, પરંતુ એશિયા અને આફ્રિકામાં તેમણે પોતાના સંસ્થાનો સ્થાપી, આ પ્રદેશના લોકોનું ભારે શોષણ કર્યું હતું. પોતાના દેશમાં મજૂરોના અધિકાર-ભૂખને ભૂલાવવા, કંપનીના વ્યાપારીઓ અને સત્તાધીશો ભારતને વધારે નિચોવી રહ્યા હતા.

પહેલાં ભારતની સમૃદ્ધિની પ્રતિષ્ઠા, દેશના કારીગરોના શ્રમ અને કૌશલ્ય થકી હતી. અઢારમી સદીમાં આ કારીગરો દેશની પ્રગતિના સાચા વાહકો હતા. તેઓની કૌશલ્ય નિષ્ઠાથી વિદેશીઓ રસતરબોળ થયા વગર રહેતા નહીં. સ્થાપત્ય અને હુન્નર ઉદ્યોગમાં તેઓની ભૂમિકા અજોડ હતી. પરંતુ જગતના વિકાસના ઈતિહાસના અધ્યયનથી જોવા મળે છે એમ, સમાજનો અગ્ર વર્ગ જેમ પ્રગતિનો અધિનાયક છે એટલો જ બીજાઓની સુંદરતાનો લૂંટનાર ખલનાયક પણ છે. સામંતવાદ. સમાજવાદ કે સામ્યવાદના સિધ્ધાંતો દ્વારા તેના સ્વરૂપને જુદું પાડી શકાય છે. ઔદ્યોગિક ક્રાંતિના પ્રચારક અને પ્રસારક તરીકે વિશ્વમાં બ્રિટિશરો અગ્રવર્ગ તરીકે રહ્યા હતા.

દેશમાં કારીગરોની કલા-સૂઝને લૂંટવાનું કાર્ય આ વ્યાપારી આક્રમણકારીઓએ કર્યું હતું. મધ્યયુગીન ઈસ્લામિક આક્રમણોમાં ધર્મઝનૂન પ્રબળ હતું. તેથી તેઓએ મંદિરોની મૂર્તિઓની તોડફોડ કરી, સ્થાપત્ય-કલાને નુકસાન પહોંચાડયું હતું, ઘણી કલાને નષ્ટ કરી નાંખી હતી. પરંતુ આ દેશને સૌથી વધારે નુકસાન વ્યાપારી આક્રમણોએ કર્યું છે. દેશના વણાટ ઉદ્યોગ સાથે સંકળાયેલા કારીગરોને પોતાના, આંગળા કપાવવાં પડયાં હતાં.

આ યાતનાઓનો સૌથી વધારે ભોગ વણકરો બન્યા હતા. બ્રિટિશરોના દમનથી ત્રસ્ત થયેલા વણકરો મુક્તિ માટેના સંગ્રામો લડયા હતા, તો બીજી તરફ દેશના સામંતો,

રાજાઓ અને નવાબો શરાબ અને સુંદરીના નશામાં ચકચૂર અને ઈર્ષાની અગ્નિમાં બળતા હતા. આ શાસકવર્ગ એવા જાદુઈ ચિરાગની અપેક્ષા રાખતો હતો કે, સ્વપ્નમાં દીઠેલું સ્વર્ગનું શાસન મળી જાય. બ્રિટિશરો તેમના આ નશા અને અગ્નિ બંનેને સંકોરતા રહી, પોતાના સ્વાર્થનો શેતાની સકંજો કસતા ગયા, તેમ શાસક વર્ગ પણ એશોઆરામ અને મિથ્યાભિમાનમાં ગળાડૂબ રહ્યો. તેના



વૃતાંતોથી દેશના ઈતિહાસનાં પાનાંઓ ખીચોખીચ ભરેલાં છે. તેવા સંજોગોમાં દેશના વણકરોની દશાની ચિંતા કરનાર દેશના વણકરોનું એકમાત્ર સંગઠન જ હતું. આ ટ્રેડ યુનિયન અઢારમી સદીમાં સ્વતંત્રતા માટેની લડાઈ લડયું હતું. આ વર્ગના વિદેશી શાસન સામેના પ્રયાસો અને તેની ફળશ્રુતિનો અહીંયાં યથાશકિત ચિતાર આપ્યો છે.

# ૩
# બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના આગમન પહેલાં વણાટ ઉદ્યોગની સ્થિતિ

મનુષ્યની મુખ્ય જરૂરિયાત ખોરાક અને કપડાંની હતી. ખોરાક ખેતીમાંથી ખેડૂતો પૂરી પાડતા હતા અને કપડાં વણકરોની વણાટ કલાથી. આ બન્નેનું શોષણ શાહુકારો કરતા હતા. આ સમયના વણકરો અંગે એક નોંધનીય બાબત એ હતી કે, તેઓ પોતાના પાડોશીઓની જરૂરિયાતો પૂરી થાય એટલું જ ઉત્પાદન કરવાનું વિચારતા હતા. તેનાથી એક ફાયદો એ થતો કે આ વણાટકલાનું કૌશલ્ય તેઓમાં વધારે સમૃધ્ધ હતું. બીજું આ સમયની જ્ઞાતિ વ્યવસ્થાએ વણાટકલાને પ્રોત્સાહક બળ પૂરું પાડયું હતું. કારણ કે જ્ઞાતિનો વ્યવસાય કાયમી રહેતો હોવાથી, પોતાના જ્ઞાતિગત વ્યવસાયમાં જ નિપુણતા અને દક્ષતા કેળવવાની રહેતી હતી. સમાજની સાવ નિમ્ન સ્તરની જ્ઞાતિનું પણ આર્થિક વ્યવસ્થામાં મહત્વનું સ્થાન રહેતું. આ સમયમાં ઉપલો વર્ગ અનુઉત્પાદક હતો, તેથી તેઓની પાસે આ પ્રકારના વ્યવસાયિક કૌશલ્યનો અભાવ હતો. આ વર્ગના લોકો મોટેભાગે ધાર્મિકસ્થાનો, રાજદરબારો તેમજ યુદ્ધો અને તે અંગેની પ્રવૃત્તિઓમાં સમય વ્યતીત કરતા હતા. સમાજનું આર્થિક કાર્ય ચલાવવાનું શ્રમજીવી વર્ગના લોકો પાસે રહેતુ હતું. તે સમયની આર્થિક વ્યવસ્થા એક સુનિશ્ચિત શ્રમ વિભાજન પર આધારિત



રહેતી. આ કારીગરોને પોતાના વ્યવસાયના કૌશલ્યની તાલીમ નાનપણથી જ કુટુંબ પાસેથી મળતી હતી. તેઓ પોતાનો વ્યવસાય સહકારની ભાવનાથી કરતા હતા. પોતાના વ્યવસાયને બચાવવા માટે તેઓ સંયુક્ત રીતે પ્રયત્ન કરતા હતા.

ભારતના લોકોનો મુખ્ય વ્યવસાય ભલે ખેતીનો હતો, પરંતુ તેની સાથે બીજા ઘણાં હસ્ત ઉદ્યોગો હતા. તેમાં સૌથી મહત્વનો ઉદ્યોગ વણાટકામ હતો. રૂમાંથી બારીકમા બારીક સૂતર અને તેમાંથી તેવું જ અતિબારીક અને મુલાયમ કાપડ વણવાનું કૌશલ્ય ભારતના વણકરો પાસે હતું. તેના કાપડ સાથે સ્પર્ધા કરી શકે એવા વણકરો અને વણાટકલા વિશ્વમાં ન હતા. ભારતના વણકરો સદીઓથી આવું બારીક મુલાયમ કાપડ વણી શકતા હતા. સૌથી પ્રસિદ્ધ કાપડ મલમલનું હતું. ''ભારતીય કાપડ તેની સુંદરતા અને ટકાઉપણાને લીધે, પશ્ચિમના દેશોમાં ખૂબ જ પ્રખ્યાત હતું શ્રી કે. ડી. ચટ્ટોપાધ્યાયે નોંધ્યું છે કે, કદાચ ભારત એકમાત્ર એવો દેશ હતો કે જે સમગ્ર વિશ્વમાં વણાટકલામાં અજોડ હતો. એશિયા, ઈજિપ્ત અને દક્ષિણ યુરોપમાં આ દેશના કાપડની પુષ્કળ માંગ રહેતી હતી. ભારતીય કાપડ વિશ્વમાં પ્રખ્યાત હતું તેનું મુખ્ય કારણ વણકરોનું કૌશલ્ય તો હતું જ, પરંતુ તે ઉપરાંત અન્ય પરિબળો પણ પ્રોત્સાહક હતાં, જેમકેઃ રૂ ખરીદવાની, સૂતર કાંતવાની અને કાપડ વણી સ્થાનિક બજારોમાં તે વેચવાની સ્વતંત્રતા હતી, સૌથી મહત્વની બાબત એ હતી કે વણકરોની આજીવિકા આ વણાટ ઉદ્યોગ હતો, તેથી પેઢી દર પેઢી પ્રાપ્ત પોતાનાં અનુભવ અને સુઝબૂઝને તેઓ પોતાના આ વ્યવસાયમાં નિચોવી નાંખતા હતા. તેને લીધે કાપડનું ટકાઉપણું, મુલાયમતા, ચળકાટ અને સુંદરતાનો સમન્વય

સર્જી શકાતો હતો. પરદેશીઓને તેની આ ખાસિયતો સ્પર્શી જતી હતી.

બ્રિટિશરોએ તો ભારતીય વણકરોના વ્યવસાયનું જ્ઞાન બ્રિટિશ કારીગરોને આપવા માટે એક સંગ્રહાલય બનાવ્યું હતું. જયાં ભારતીય કાપડના સાતસો જાતના જુદાજુદા નમૂના અઢાર મોટા પુસ્તકોમાં એકઠા કરવામાં આવ્યા હતા. તેની વીસ પ્રતો તૈયાર કરવામાં આવી અને આ અઢાર પુસ્તકોના તેર સેટ ઈંગ્લેન્ડના તેર ઔદ્યોગિક કેન્દ્રમાં રાખવામાં આવ્યા હતા. સાત પ્રતો ભારતમાં જતા આવતા અંગ્રેજોના જ્ઞાન માટે ભારતના જુદા જુદા સ્થળોએ રાખવામાં આવી હતી. ખરું જોતા આ વીસ પ્રતો એ, વીસ અજાયબી જેવી છે. આ બધું ભગીરથ કાર્ય ઈંગ્લેન્ડની કારીગરીની ઉન્નતિ માટે કરવામાં આવ્યું. હિન્દુસ્તાની કાપડની શ્રેષ્ઠતાના તમામ રહસ્યો જાણી લેવા બ્રિટિશરો આતુર હતા. શ્રીપંડિત સુંદરલાલે નોંધ્યું છે કે, 'બ્રિટિશરોએ હિન્દુસ્તાની વણકરોને પોતાના તાકા ધોઈને સફેદ કરવાની રીતો તથા બીજા રહસ્યો માન્ચેસ્ટરને બતાવવાની ફરજ પાડી, અને તેના પરથી ઈન્ડિયા હાઉસે એક કિંમતી સંગ્રહ તૈયાર કર્યો.

**બ્રિટિશરોએ તો ભારતીય વણકરોના વ્યવસાયનું જ્ઞાન બ્રિટિશ કારીગરોને આપવા માટે એક સંગ્રહાલય બનાવ્યું હતું. જ્યાં ભારતીય કાપડના સાતસો જાતના જુદાજુદા નમૂના અઢાર મોટા પુસ્તકોમાં એકઠા કરવામાં આવ્યા હતા. તેની વીસ પ્રતો તૈયાર કરવામાં આવી અને આ અઢાર પુસ્તકોના તેર સેટ ઇંગ્લેન્ડના તેર ઔદ્યોગિક કેન્દ્રમાં રાખવામાં આવ્યા હતા. સાત પ્રતો ભારતમાં જતા આવતા અંગ્રેજોના જ્ઞાન માટે ભારતના જુદા જુદા સ્થળોએ રાખવામાં આવી હતી. ખરું જોતા આ વીસ પ્રતો એ વીસ અજાયબી જેવી છે. આ બધું ભગીરથ કાર્ય ઇંગ્લેન્ડની કારીગરીની ઉન્નતિ માટે કરવામાં આવ્યું.**

ભારતનો વણાટ ઉદ્યોગ વિશ્વમાં સર્વશ્રેષ્ઠ હતો. એશિયા અને આફ્રિકાના દેશોમાં લાંબા સમય સુધી એનું પ્રભુત્વ રહ્યું હતું. પૅરાર્ડ નામના એક મુસાફરે નોંધ્યું છે કે, કન્યાકુમારીથી ચીન સુધી બધાં જ સ્ત્રી-પુરુષ માથાથી માંડી પગ સુધી ભારતીય વસ્ત્રો પહેરે છે. પેરાર્ડના આ કથનમાં હિન્દુસ્તાની કાપડનું સર્વત્ર પ્રચલન હતું. એ સ્પષ્ટ દેખાય છે.

તેરમી સદીના પ્રખ્યાત લેખક અમીર ખુસરોએ હિન્દુસ્તાનના સુતરાઉ કાપડની સુંદરતા અંગે કહ્યું છે 'બંગાળનું મલમલ એટલું ઉત્કૃષ્ટ છે કે, સો ગજ મલમલને માથા પર વીંટયા પછી પણ આ કાપડમાંથી માથાના વાળ આરપાર દેખાય છે. દેવગિરીના બહુમૂલ્ય રંગીન વસ્ત્રો બગીચાના ગુલાબનાં ફૂલો જેવાં છે. હિન્દના સુતરાઉ અને રેશમી કાપડનો મધ્યયુગીન વિશ્વમાં જોટો મળે એમ નહોતો, એમ એક દેશીય અને વિદેશી પુરાવાઓ પરથી કહી શકાય છે. વણકરોનું આ ઉદ્યોગમાં અજોડ પ્રદાન રહ્યું

છે. એ નિર્વિવાદ છે. આ ઉદ્યોગને સમગ્ર વિશ્વમાં પ્રતિષ્ઠા મળી એ, કાપડની સુંદરતા અને ગુણવત્તાને લીધે હતી. આ ઉપરાંત કેટલીક ઉત્તમ અનુકૂળતાઓ અને વ્યવસ્થાને લીધે વણકરો આવી સિધ્ધિ પામી શક્યા હતા.



પ્રથમ કાપડના તારની સાચવણી કેમ કરવી, એ કલા વણકરો પાસે હતી. આ સમયે કાચોમાલ અને માનવીય મૂડી, આ બન્ને ભારતના લોકો પાસે હતાં. સ્થાનિક જકાતનું પ્રમાણ ઘણું ઓછું હતું. વણકરોને પોતાના આ વ્યવસાય માટે અન્ય જગ્યાએથી મૂડી અગાઉ મળી શકતી હતી. વણકરો જે કાપડ ઉત્પન્ન કરતા હતા તેની દેખરેખની વ્યવસ્થા હતી, તેમજ આ માલની ગુણવત્તા તપાસવામાં આવતી હતી. વળી કુશળ વણકરો પ્રાંતીય રાજધાનીની આસપાસ રહેતા હોવાથી, વાહન વ્યવહારનો ખર્ચ બચાવી શકાતો હતો. આ પ્રાંતીય રાજધાનીની આજુબાજુની જમીન કપાસના ઉત્પાદન માટે યોગ્ય હતી. આ ઉદ્યોગ માટે સૌથી ધ્યાનાકર્ષક બાબત એ રહી છે કે, જેમ વિશ્વની મહાન પ્રાચીન સંસ્કૃતિઓ નદી કાઠે પાંગરી હતી, એમ ભારતનો મહાન વણાટ ઉદ્યોગ પણ નદી કાંઠે વિકસ્યો હતો. આ કાપડને વિશ્વ પ્રસિદ્ધ બનાવવામાં નદીઓનું મહત્વનું યોગદાન હતું. આ નદીઓના પાણીમાં રંગોને ચમકદાર, સુંદર અને મુલાયમ બનાવવાની ક્ષમતા હતી. તે માટેનું પૂરતું જ્ઞાન ભારતના વણકરો પાસે હતું. એ તેના વ્યવસાયન માટે વધારે ગૌરવપ્રદ બાબત હતી. ટેવર્નિયર નામના લેખકે આ બાબતની પ્રશંસા કરી હતી.

ભારતના વણાટ ઉદ્યોગનું એક વિશિષ્ટ પાસુ એ હતું કે, વણકરો ઉપભોકતાની રૂચિ પ્રમાણેનું કાપડ બનાવતા હતા. ગુજરાતના વણકરો મધ્યપૂર્વના દેશોના લોકોને

અનુકૂળ આવે એવું જ કાપડ બનાવતા હતા. તે મુજબ તેઓ પોતાના આ ઉદ્યોગમાં પરિવર્તન પણ લાવતા હતા. આમ દેશમાં પ્રાપ્ત થતા કાચામાલને લીધે વણાટ ઉદ્યોગ પ્રસિધ્ધિ પામ્યો હતો, એટલું પૂરતું નથી, પરંતુ કાપડની બનાવટની આવડત અને ઉપભોકતાની માંગ અનુસાર કાપડ બનાવવાની સૂજ પણ ખૂબ જ મહત્વની તેઓમાં હતી, જેથી દેશના કાપડ ઉદ્યોગને પ્રતિષ્ઠા મળી હતી. તેમાં આ યોગદાન અગત્યનું હતું. તેમાં પણ ગુજરાતના વણકરોનું પ્રદાન ખૂબજ મહત્વનું હતું. આજે પણ દેશની મોટી મોટી સંસ્થાઓ દેશના ઉદ્યોગને વિશ્વબજારમાં શ્રેષ્ઠતાનું ગૌરવ અપાવી શકી નથી, તે સમયે મધ્યયુગના અંતિમ વરસોમાં વણકરોએ 'નોલેજ મેનેજમેન્ટ' જેવી અલ્ટ્રામોડર્ન વિચારધારાથી વણાટઉદ્યોગને અવ્વલ નંબરે લાવી, અદ્વિતીય પ્રતિભાનાં દર્શન કરાવ્યાં હતાં. આવો ઈતિહાસબોધ વિશ્વના કોઈપણ દેશના આર્થિક પાસાના ઈતિહાસમાં મળવો દુર્લભ છે. છેલ્લે, આ સમયના વણકરો વેતન લોભી ન હતા. તેમણે પરીશ્રમ, આવડત, સૂઝબૂઝ અને નિષ્ઠાથી પોતાના આ વ્યવસાયને સમૃદ્ધિ અને પ્રસિદ્ધિના શિખરે પહોંચાડ્યો હતો.

આવા ભવ્ય અને વિશ્વમાં શ્રેષ્ઠ વણાટ ઉદ્યોગને બ્રિટિશરોએ કેવી રીતે બરબાદ કરી નાખ્યો, તે હકીકતો પર પ્રકાશ પાડવો અતિ આવશ્યક છે. પરંતુ મનુરોગી વિચારોને કારણે સાચો ઈતિહાસ લખવામાં આપણે અસમર્થ રહ્યા છીએ, તે ખરેખર કમનસીબ બાબત છે.

# ૪

# બ્રિટિશરોના વણકરો પરના અત્યાચારો



આ દેશ પ્રાચીન અને મધ્યયુગમાં અનેક રાજનૈતિક ઉથલપાથલમાંથી પસાર થયો હતો. અનેક રાજ્યો, મહારાજ્યો તથા એના રાજવંશોનું ઉત્થાન અને પતન થયું હતું, પરંતુ આ પ્રકારના પરિવર્તનોએ દેશના આર્થિક તંત્રને નુકસાન કર્યું નહોતું. જ્યારે બ્રિટિશરોએ રાજનૈતિક પ્રભુત્વની સાથે, આર્થિક શોષણ ઉપર જ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેઓ રાજા તરીકે નહીં, વ્યાપારી તરીકેની પ્રતિષ્ઠા ઇચ્છતા હતા. આ વ્યાપારી શિકારીઓનો મનગમતો શિકાર ઉત્પાદક વર્ગ હતો, તેમાં પણ તેમણે વણકરો ઉપર પોતાનો વિનાશક પંજો કસ્યો હતો.

આ માટેનાં મુખ્ય પરિબળો મુજબ બ્રિટિશરોનો મુખ્ય ઉદ્દેશ્ય પોતાના દેશના કાપડ ઉદ્યોગને વિકસાવવાનો હતો અને તે સમયે ઇંગ્લેન્ડનો યુરોપના દેશોમાં કાપડનો વ્યાપાર મુખ્ય હતો, તેનો હેતુ આ વ્યાપારને વધારે વિક્સાવવાનો હતો. પરંતુ એશિયા, આફ્રિકા અને યુરોપમાં પણ ભારતીય કાપડની માંગ વધુ હતી. હિન્દના કાપડની પ્રતિષ્ઠા તેના વણકરોને લીધે હતી. તેથી આ બ્રિટીશ કંપનીઓએ કાયદાઓ અને છળકપટથી વણકરોને એવી રીતે પકડમાં લીધા હતા કે, તેઓ કંપનીના ફાંસલામાંથી છટકી શકે નહિં. તેમણે ભારતદેશના વણાટ ઉદ્યોગને ઇજારાશાહીમાં ફેરવી નાખ્યો હતો. વણકરો પોતાના વ્યવસાયમાં સ્વતંત્ર હતા, તેઓને તેના વ્યવસાય પર અલગ અલગ સ્વરૂપે અંકુશ મૂકી દેવામાં આવ્યો હતો. ધીમે ધીમે કંપનીએ કાપડના ઉદ્યોગપર



એકાધિકાર મેળવી લીધો હતો.

અહીંયા નોંધવા જેવી બાબત એ છે કે, અંગ્રેજોએ એશિયાના દેશોમાં પોતાનો વ્યાપાર ફેલાવવા માટે ગુજરાતને જોખમરૂપ ગણ્યું હતું. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના જે રિપોર્ટ બહાર આવ્યા છે તે અનુસાર, પશ્ચિમ ભારતમાંથી રાતા સમુદ્ર અને ઈરાનની ખાડી દ્વારા કાપડની નિકાસ મધ્ય એશિયાના દેશોમાં થતી હતી. ગુજરાતનું અર્થતંત્ર મધ્ય એશિયાના દેશોને લીધે સમૃદ્ધ હતું. તેથી બ્રિટિશ કંપનીએ પશ્ચિમ ભારતમાંથી મુગલશાસન પર રાજનૈતિક પ્રભાવ સ્થાપવાનું વિચાર્યું હતું કે જેથી, ગુજરાતના મધ્ય એશિયા સાથેના વ્યાપારને તોડી શકાય. ભારત દેશના કાપડની માંગ મધ્ય એશિયામાં તો રહેતી જ હતી, ઉપરાંત હોલેન્ડ અને કંપનીના, સ્વદેશ ઈંગ્લેન્ડમાં પણ આ કાપડની માંગ વધુ માત્રામાં રહેતી હતી. ઈંગ્લેન્ડની સુખી ઘરની સ્ત્રીઓ અને મધ્યમવર્ગની સ્ત્રીઓ ભારતીય વસ્ત્રોના પોષાક પહેરતી હતી. ઈંગ્લેન્ડની ઉચ્ચ વર્ગની સ્ત્રીઓમાં મછલીપટ્ટમ અને બંગાળના કાપડની ખૂબ જ માંગ રહેતી હતી. કંપનીના એક રિપોર્ટ અનુસાર, ઈ.સ. ૧૬૬૪માં કંપનીએ સુતરાઉ કાપડની આયાત અઢી લાખ કરતાં વધારે સંખ્યામાં કરી હતી અને તેનું મૂલ્ય કંપનીની કુલ આયાતના મૂલ્ય કરતાં ૭૩% જેટલું હતું. તેમાં વધારો થતાં ૮૩% થયું હતું. ઈ.સ. ૧૬૮૦માં તો તે ચરમબિંદુએ પહોંચ્યું હતું. આ રીતે કંપનીના મોટાભાગના વ્યાપારનો નફો ભારતના વણાટ ઉદ્યોગને મળતો હતો. ઈંગ્લેન્ડની સરકારે પોતાના વણાટ ઉદ્યોગને બચાવવા માટે ભારતીય કાપડ ઉપર પ્રતિબંધ મૂક્યો હતો, તેમ છતાંય ભારતીય કાપડ ઈંગ્લેન્ડની બજારમાં પહોંચી જતું હતું. બ્રિટિશરો તો ભારતના વણાટ ઉદ્યોગને ઉખેડી નાખવા ઈચ્છતા હતા, પરંતુ આ સમયના મોગલ બાદશાહો સામે સંઘર્ષમાં ઉતરવું અને તેમાં સફળતા મેળવવી અંગ્રેજો માટે મુશ્કેલ હતું. છતાંય આ ગોરા લોકોની ધીરજ તથા મુત્સદ્દીગીરીને, અને પોતાનો સંઘર્ષ બીજાને પધરાવી, લાભ મેળવવાની કપરી આવડતને તેમજ તેમની અભ્યાસવૃત્તિને પણ ખરેખર દાદ આપવી ઘટે. આપણા દેશના ઈતિહાસમાંથી જે બોધપાઠ સંકટના સમયે આપણે લેવો જોઈએ એ બોધ તેઓએ લીધો, તેમજ આપણા દેશની રાજકીય

***અંગ્રેજોએ એશિયાના દેશોમાં પોતાનો વ્યાપાર ફેલાવવા માટે ગુજરાતને જોખમરૂપ ગણ્યું હતું. ઇસ્ટ ઇન્ડિયા કંપનીના જે રિપોર્ટ બહાર આવ્યા છે તે અનુસાર પશ્ચિમ ભારતમાંથી રાતા સમુદ્ર અને ઇરાનની ખાડી દ્વારા કાપડની નિકાસ મધ્ય એશિયાના દેશોમાં થતી હતી. ગુજરાતનું અર્થતંત્ર મધ્ય એશિયાના દેશોને લીધે સમૃદ્ધ હતું. તેથી બ્રિટિશ કંપનીએ પશ્ચિમ ભારતમાંથી મુગલશાસન પર રાજનૈતિક પ્રભાવ સ્થાપવાનું વિચાર્યું હતું કે જેથી ગુજરાતના મધ્ય એશિયા સાથેના વ્યાપારને તોડી શકાય. ભારત દેશના કાપડની માંગ મધ્ય એશિયામાં તો રહેતી જ હતી, ઉપરાંત હોલેન્ડ અને કંપનીના, સ્વદેશ ઇંગ્લેન્ડમાં પણ આ કાપડની માંગ વધુ માત્રામાં રહેતી હતી.***

પરિસ્થિતિનું સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું અને તેની ફળશ્રૃતિરૂપે તેમને એક અદ્દભૂત દર્શન થયું હતું કે, ''રાહ જુઓ, મોગલો અને મરાઠાઓ હવે મરીને જ જંપશે.'' આ સમયના પુરાવાઓ પરથી આપણે જાણી શકીએ છીએ કે, મરાઠાઓ મોગલ સામ્રાજ્યના કિલ્લાના એક એક પથ્થરને ભાંગીને ભૂકો કરી નાખવા ઉગ્ર થયા હતા; તો બીજી તરફ ઔરંગઝેબે પણ પોતાની સંપૂર્ણ તાકાત મરાઠાઓ સામે હોડમાં મૂકી દીધી હતી. અર્થવ્યવસ્થામાં સામાન્ય નિયમ એવો છે કે, દેશમાં આંતરિક સંઘર્ષનું સર્જન થાય એટલે દેશનું અર્થતંત્ર અસ્થિર થાય. આ અસ્થિરતા તરફ મોગલોનું ધ્યાન રહ્યું નહીં અને અંગ્રેજોએ વગર કાંકરે બે બે લાભ મેળવ્યા, એક રાજનૈતિક પ્રભુત્વ અને બીજું વ્યાપારી પ્રભુત્વ. ઔરંગઝેબના અવસાન બાદ, ઈસ્ટ ઈન્ડિયા કંપનીને પોતાનો વ્યાપાર વિકસાવવાની સરળતા થઇ જવા પામી.

# ૫
# ઇંગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિ



ભારતના વણાટ ઉદ્યોગને નુકસાનકર્તા બીજું પરિબળ ઈંગ્લેન્ડમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિ હતી. વણાટ અંગેની કેટલીક શોધો થઇ હતી. જેમકે, ૧૭૬૦માં ફલાઈંગ શટલ, ૧૭૬૪માં હારગ્રીઝ યાંત્રિક ચરખો બનાવ્યો, ૧૭૭૬માં ક્રોમ્પટને કાંતણ યંત્ર બનાવ્યું. ૧૭૮૩માં અંગ્રેજો દ્વારા મલમલ ભારત મોકલવામાં આવ્યું હતું. ૧૭૮૫માં કાર્ટ રાઈટે વીજળીથી ચાલતો કાંઠલો બનાવ્યો હતો. આમ યાંત્રિક સંચાલનની બૌધ્ધિક સંપદાનો ફાલ ઈંગ્લેન્ડમાં ફાલ્યો હતો; પરંતુ આ ફળ ત્યારે જ પ્રાપ્ત થઇ શકે એમ હતાં. જો આર્થિક સંપદા પ્રાપ્ત થાય! બૂક એડમ નામના એક અંગ્રેજ લેખકે લખ્યું છે કે, ભારતમાંથી ખૂબ જ મોટી માત્રામાં સંપત્તિ આવવાથી રાષ્ટ્રની મૂડીમાં ખૂબ જ વધારો થયો, તેનાથી ઈંગ્લેન્ડના શક્તિભંડારમાં ખૂબ વધારો થયો એટલું જ નહિ, પરંતુ તેનાથી વધારે ગતિ



પણ પ્રાપ્ત થઈ હતી. તાત્પર્ય એ છે કે, કોઈ પણ શોધ માટે શક્તિસંચયની જરૂર હોય છે અને આ સંચય ધનસંપિત્ત દ્વારા જ શક્ય બની શકે છે. ભારતમાં ધન સંપતિનો સંગ્રહ કરવાનો રિવાજ જૂનો છે. મંદિરોમાં લોકોની આસ્થા અને આ ક્ષેત્રના વ્યવસ્થાપકોને લીધે ધન એકઠું થતું હતું, જે મધ્યયુગના આક્રમણકારીઓએ લૂંટયું હતું, તો બ્રિટિશરોએ દેશના લોકોના કૌશલ્ય અને શ્રમને લૂંટયાં હતાં.

ઈગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિનો વિકાસ થયો તેમાં સૌથી મોટો ફાળો તો ભારતીય સંપત્તિનો હતો; કારણ કે, ઈગ્લેન્ડમાં આ ક્રાંતિનો આરંભ ઈ.સ.૧૩૭૦માં થયો હતો. એ પહેલાં ઇ.સ.૧૭૫૭માં ઈગ્લેન્ડની વ્યાપારી કંપનીએ ભારતમાં રાજકીય સત્તા સ્થાપી હતી. આ કંપનીએ ભેગુ કરેલું ભારતનું ધન ઈગ્લેન્ડના ઉદ્યોગોને ઊભા કરવા અને વિકસાવવામાં વપરાયું હતું. ખાસ તો કાપડ ઉદ્યોગમાં આ ધનની વધારે ઉપયોગીતા થઈ હતી. ભારતનો કાપડ ઉદ્યોગ નબળો પડવા લાગ્યો તેમજ બ્રિટિશ કાપડ ભારતનાં બજારોમાં ખપવા લાગ્યું, આવવા લાગ્યું હતું. જે દિવસની રાહ અંગ્રેજો જોતા હતા તે હવે ભારતની ભૂમિ પર દેખાવા લાગ્યું હતું. ભારતના લોકોને વિદેશી કાપડ સસ્તું મળતું થયું અને દેશના વણકરોની દુર્દશાનો આરંભ થયો. કંપની સરકારે વ્યાપારી અને રાજનૈતિક કુટિલતાનો ઉપયોગ કરીને, વણકરોને પોતાના ઉદ્યોગથી દૂર તેમજ વંચિત કર્યા હતા. ઇ.સ. ૧૮૩૪માં લોર્ડ વિલિયમ બેન્ટિકે લખ્યું હતું કે, ‘‘વાણિજ્યના ઇતિહાસમાં તેઓની (વણકરોની) દુર્દશાની બરાબરી કરી શકે એવું બીજું ઉદાહરણ વિશ્વમાં ક્યાંય જોવા મળતું નથી, ભારતનો વણાટ ઉદ્યોગ ભાંગી પડતાં વણકરોના હાડકાંથી ભારતનાં મેદાનો સફેદ બની ગયાં હતાં. બ્રિટિશ આગમન પહેલાં વણકરોનું શાહુકારો દ્વારા શોષણ થતું હતું; છતાંય આ ઉદ્યોગ મૃતપાયની નજીક પહોંચ્યો નહોતો, પરંતુ બ્રિટિશરોએ તો વણકરોના હાથ અને પગ તેમજ કલારૂપ આત્માને મારી નાંખ્યો હતો.

# ૬

# બ્રિટિશરોના વણકરો પરના ઘાતક કાયદાઓ



બ્રિટિશરોના વણકરો પરના અત્યાચારોનું સ્વરૂપ, બ્રિટિશરોના વિકસવાનો માર્ગ ખુલ્લો ફરતો હતો. પરંતુ અંગ્રેજી વ્યાપારીઓએ તો વણકરોને સાવ લૂંટી લીધા હતા. વણકરો માટે તેઓએ સફેદ ઠગની ભૂમિકા ભજવી હતી. તેઓને નિચોવી લેવા માટે ક્રૂરતાભર્યો વ્યવહાર કર્યો હતો. તેઓના અત્યાચારોના નગ્ન સ્વરૂપનું વર્ણન કેટલાક દસ્તાવેજોમાંથી પ્રાપ્ત થાય છે.

**''અત્યાચારી કાયદાઓ''** ઈ.સ.૧૭૮૦ પછી કંપની સરકારે અનેક અન્યાયી કાયદાઓ ઘડી અમલમાં મૂક્યા હતા. આ અત્યાચારી કાવાદાવાઓ મુખ્ય નીચે મુજબ હતા

**૨૨ એપ્રિલ, ૧૭૮૨નો કાયદોઃ** આ કાયદા દ્વારા દેશના વણકરોને અંગ્રેજો સિવાયના અન્ય યુરોપિયનો સાથે વ્યાપારી સંબંધો રાખવાની મનાઈ ફરમાવવામાં આવી. આ પ્રકારના કાયદા દ્વારા ભારતના વણકરો જે પણ કાપડનું ઉત્પાદન કરે તે માત્રને માત્ર કંપની સરકારની માલિકીનું ગણવામાં આવતું હતું. વણકરો તો તેના ગુલામો જેવા ગણાયા. જો આ વણકરો કંપની સિવાય બીજા વ્યાપારીઓ માટે કાપડ બનાવે તો અદાલત દ્વારા દંડ ફટકારવાની જોગવાઈ કરવામાં આવી. આ કાયદા દ્વારા કંપનીએ વણકરોના શ્રમને પોતાની મિલ્કત ગણાવી દીધી હતી.

***૨૩ જુલાઇ, ૧૭૮૬નો કાયદો, આ કાયદા અનુસાર વણકરોએ કંપની માટે અમુક નિશ્ચિત સમયમર્યાદામાં કાપડ તૈયાર કરવું પડતું હતું. તેમજ મહેનતના નાણાં માટે પંદર દિવસ પહેલાં અરજી કરવાની હતી. કંપની સાથેના કરાર મુજબ વણકરનું ગેરવર્તન અથવા કોઈ પણ દોષ ન હોય તો પણ દિવાની અદાલત દ્વારા ખોટી રીતે દંડ ફટકારવાની જોગવાઇ હતી. જો વણકર દ્વારા કાપડ વેચ્યું હશે તો તે કબજે લઇ મામલો અદાલતમાં જશે અને તેનો તમામ ખર્ચ પણ વણકરોને કરવાનો રહેશે. તેમ છતાંય કંપનીના કરાર પ્રમાણે કામ તો કરવાનું જ રહેશે. અને સમયસર કામ પૂર્ણ કરે નહીં તો તેને સજા કરવામાં આવતી હતી.***

**૧૯ જુલાઈ, ૧૭૮૬ના કાયદોઃ** આ કાયદામાં બ્રિટિશરો દ્વારા ૨૧ નિયમો ઘડવામાં આવ્યા હતા. તે દ્વારા દરેક વણકરને એક કાર્ડ આપવાનું ઠરાવાયું. તેમાં વણકરનું નામ, તેના રહેઠાણનું સરનામું, તેનો સરકારી કોઠીનો વિસ્તાર, વણકરને એડવાન્સ આપેલી રકમ (જે બળજબરી પૂર્વક આપવામાં આવતી હતી). અને કાપડ તૈયાર કરવાની મુદત, વગેરે બાબતો નોંધવામાં આવતી હતી. આ કાયદામાં વણકરો બીજાને કાપડ ન વેચે એ માટે એક ચોકીદાર રાખવાની પણ જોગવાઈ હતી અને આ ચૌકીદારનો ખર્ચ વણકરોએ ભોગવવાનો હતો. તેમજ દરેક પરગણાની કે વિસ્તારની કચેરીઓમાં આ વણકરોની વિગતવાર યાદી રાખવામાં આવી હતી.

આ કાયદામાં સૌથી ધ્યાન ખેંચે એવી બાબત એ હતી કે, ગામડાના વણકરને વ્યાપારી પ્રતિનિધિ, ઠેકેદાર કે કલેકટરને ફરિયાદ કરવાની કહેવાતી સુવિધા આપવામાં આવી હતી. પણ જો આ ફરિયાદ ખોટી ઠરે તો વણકર દંડપાત્ર થતો હતો. વણકરોની મોટાભાગની ફરિયાદ ખોટી જ ઠેરવવામાં આવતી હતી અને કંપનીના કર્મચારીઓની ખોટી ફરિયાદ સાચી જ ઠરાવવામાં આવતી હતી. આ પ્રકારના કાયદાથી બે ત્રણ સૂતરના તાર તોડનાર લોકોને ભારે દંડ થતો અને વણકરોના તાકાને તાકા લૂંટી જનારા એજન્ટોને શાબાશી મળતી હતી.

**૨૩ જુલાઈ, ૧૭૮૬નો કાયદોઃ** આ કાયદા અનુસાર વણકરોએ કંપની માટે

અમુક નિશ્ચિત સમયમર્યાદામાં કાપડ તૈયાર કરવું પડતું હતું. તેમજ મહેનતાણાનાં નાણાં માટે પંદર દિવસ પહેલાં અરજી કરવાની હતી. કંપની સાથેના કરાર મુજબ વણકરનું ગેરવર્તન અથવા કોઈ પણ, દોષ ન હોય તો પણ દિવાની અદાલત દ્વારા ખોટી રીતે દંડ ફટકારવાની જોગવાઇ હતી. જો વણકર દ્વારા કાપડ વેચ્યું હશે તો તે કબજે લઇ મામલો અદાલતમાં જશે અને તેનો તમામ ખર્ચ પણ વણકરોએ કરવાનો રહેશે. તેમ છતાંય કંપનીના કરાર પ્રમાણે કામ તો કરવાનું જ રહેશે. અને સમયસર કામ પૂર્ણ કરે નહીં તો તેને સજા કરવામાં આવતી હતી.

**૩૦ સપ્ટેમ્બર, ૧૭૮૯નો કાયદો:** આ કાયદાને વધારે કઠોર સ્વરૂપ આપવાનો પ્રયાસ આ કાયદામાં થયો હતો. આ કાયદા અનુસાર જે વણકરો નક્કી કરેલા સમયમાં કામ પૂરું નહીં કરે તો, મહેનતની જે રકમ આપવામાં આવી હશે તે ૩૫ ટકા વ્યાજ સાથે પરત લેવામાં આવશે. અને શું કહેવું જ્યારે આવા કાયદાઓ કરવામાં આવતા હતા તે સમયે...

**સને ૧૭૯૭નો કાયદો:** ખાસ કરીને આ કાયદો બંગાળના વણકરો માટે કરવામાં આવ્યો હતો. આ કાયદા મુજબ વણકરો કંપનીનું કામ ક્યારેય પણ છોડી શકે નહીં. વણકર કોઈનો અંગત દેવાદાર હોય તો પણ, તેણે કંપનીનું જ કામ કરવાનું હતું. એમ કરવામાં નિષ્ફળ જનારને માટે જેલની સજાની પણ જોગવાઇ કરવામાં આવી હતી.

**સને ૧૮૧૩નો કાયદો:** આ પહેલાના જે કાયદાઓ થયા હતા. એ બધા જ કાયદા બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના લાભ માટે કરવામાં આવ્યા હતા. પરંતુ ૧૮૧૩નો કાયદો એ એક નવા પ્રકારનો કાયદો હતો. આ કાયદા અનુસાર કંપનીનો વણકરો ઉપરનો ઈજારો હતો તેને વિસ્તારીને, બધા જ અંગ્રેજ વ્યાપારીઓ વણકરોને લૂંટશે એ પ્રકારનો સુધારો કરવામાં આવ્યો. આ કાયદાનો ગર્ભિત હેતુ તો ભારતના વણાટ ઉદ્યોગનો નાશ કરી દેવાનો જ હતો. આ પછી પણ અંગ્રેજ સરકાર ઘણા કાયદાઓમાં આવા ફેરફાર કરતી રહી, અને વણકરોનું શોષણ કરતી રહી.

***ભારતમાં આવતા ઇંગ્લેન્ડના કાપડ ઉપર માત્ર નામની જકાત રાખવી અથવા તેને જકાત-મુક્તિ આપવી. તેમજ ભારતમાં ઉત્પાદિત કાપડ ઉપર ભારે જકાત નાખી, તે ઇંગ્લેન્ડના લોકો માટે ઘણું મોંઘું બનાવવું, અને ઇંગ્લેન્ડનું કાપડ ભારતના કાપડ કરતાં ઘણું સસ્તું બનાવવું. ભારતમાંથી રૂ અને બીજો કાચો માલ ખૂબ જ સરળતાથી ઇંગ્લેન્ડને પ્રાપ્ત થાય તેમજ ભારતના વણકરો અને તેના વ્યાપારીઓ સામે એટલી મોટી મુશ્કેલીઓ ઊભી થાય કે, જેથી અંગ્રેજી માલ માટે ભારતનું બજાર મોકળું થઇ જાય, જેથી તેઓ ભારતના આ પ્રતિષ્ઠિત ઉદ્યોગની વિનાશની પ્રવૃત્તિઓને સરળ બનાવી શકે.***

ભારતના વણાટ ઉદ્યોગને નાશ કરવાના ઉપાયો, અંગ્રેજો એ વણાટ

ઉદ્યોગનો નાશ કરવા માટેના અન્યાયી કાયદાઓ કર્યા હોવા છતાંય, તેઓને આ ઉદ્યોગ સબંધી પોતાના ઈરાદાઓમાં ધારી સફળતા મળી નહોતી. પંડિત સુંદરલાલજી નોંધે છે કે, મશીનો અને વરાળ શકિતની મદદ લીધા છતાંય, ઈંગ્લેન્ડના કારીગરો ભારતના કારીગરોની સરખામણીમાં સસ્તું અથવા તો સારું કાપડ વણી શકતા નહોતા, અને અકલ્પ્ય ભારે જકાત, અન્યાય. બહિષ્કાર અને



અસંખ્ય રાજકીય અવરોધો દ્વારા ભારતના આ ઉદ્યોગોનો નાશ કરવામાં ન આવે તો, વરાળશક્તિથી પણ કારખાનાં ચલાવવાં ઈંગ્લેન્ડ માટે બિલકુલ અસંભવિત હતું. ‘આ સ્થિતિમાં ભારતના વણાટ ઉદ્યોગનો નાશ કરી બ્રિટિશ વણાટ ઉદ્યોગ વિસ્તારવાના ઉપાયો સૂચવવા માટે એક સમિતિ રચવામાં આવી હતી. આ સમિતિનાં સૂચનોનો ક્રમશઃ અમલ કરવામાં આવ્યો.

ભારતમાં આવતા ઈંગ્લેન્ડના કાપડ ઉપર માત્ર નામની જકાત રાખવી અથવા તેને જકાત-મુક્તિ આપવી. તેમજ ભારતમાં ઉત્પાદિત કાપડ ઉપર ભારે જકાત નાખી તે ઈંગ્લેન્ડના લોકો માટે ઘણું મોંઘું બનાવવું, અને ઈંગ્લેન્ડનું કાપડ ભારતના કાપડ કરતા ઘણું સસ્તું બનાવવું.

ભારતમાંથી રૂ અને બીજો કાચો માલ ખૂબ જ સરળતાથી ઈંગ્લેન્ડને પ્રાપ્ત થાય તેમજ ભારતના વણકરો અને તેના વ્યાપારીઓ સામે એટલી મોટી મુશ્કેલીઓ ઊભી થાય કે, જેથી અંગ્રેજી માલ માટે ભારતનું બજાર મોકળું થઇ જાય, આમ અંગ્રેજી વ્યાપારીઓને ભારતમાં તમામ પ્રકારની સુવિધાઓ આપવી, જેથી તેઓ ભારતના આ પ્રતિષ્ઠિત ઉદ્યોગની વિનાશની પ્રવૃત્તિઓને સરળ બનાવી શકે. ભારતના વણકરો ઉપર

વિવિધ રીતે દબાણ લાવી, તેના વ્યવસાયનું રહસ્ય જાણી લેવું. તેમજ જેમ કે સૂતરના પાતળામાં પાતળા તાર કેમ બનાવવા, કાપડના તાકા કેવી રીતે ધોવા, તેમજ કેવી રીતે રંગવા; આ પ્રકારનું જ્ઞાન ઈંગ્લેન્ડના વણાટ કરતા વણકરોને આપવું. તેમજ કાચો માલ અને કાપડની હેરફેર માટે રેલ્વે નાખવી. અને કાપડ બજારને સ્થિર કરવા માટે ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યને વિસ્તારવું એટલે કે, ભારત વર્ષને ઈંગ્લેન્ડનું ગુલામ બનાવવું આ કાર્યમાં તેઓ જોતરાઈ ગયા હતા, અને ભારતમાં વસતા ભારતીઓ, આ પ્રકારની પ્રવૃત્તિ ચાલતી હતી, તેને મૂકપ્રેક્ષક તરીકે જોયા કરતા હતા.

ઉપરોક્ત પ્રવૃત્તિઓ એટલી ચુસ્ત રીતે ચાલતી હતી કે, આ ભરડામાંથી વણાટ ઉદ્યોગને બચાવવો તે દેશના વણકરો અને વ્યાપારીઓ માટે લગભગ અશક્ય હતું. આ અંગે સુપ્રસિધ્ધ ઇતિહાસકાર નોંધે છે કે ''ઈંગ્લેન્ડની સરકારે કડક કાયદાઓ ઘડીને ભારતીય કાપડ ઈંગ્લેન્ડ લાવવાનું બંધ જ કરી દીધું હતું. કોઇ અંગ્રેજ સ્ત્રી ભારતીય પોશાક પહેરતી તો તેને દંડ કરવામાં આવતો હતો. તેમજ ભારતીય કાપડ ઉપર અન્યાયી જકાતો નાખીને બ્રિટિશરોએ ભારતના વણાટ ઉદ્યોગને જકાતોના વમળોમાં ડૂબાડી દેવા માટેના તમામ પ્રયત્નો કર્યા હતા.

રોબર્ટ બ્રાઉન નામના એક અંગ્રેજ વ્યાપારીએ સંસદની એક સમિતિ સામે ભારતીય કાપડની જકાત અંગે જુબાની આપતાં કહ્યું હતું કે, હિન્દુસ્તાનથી ઈંગ્લેન્ડમાં આવતા કાપડ ઉપર બે પ્રકારની જકાત લેવામાં આવે છે. એક જકાત જ્યારે ભારતીય કાપડ



ઈંગ્લેન્ડના બંદરે ઊતરે છે ત્યારે અને બીજી જકાત ઈંગ્લેન્ડના બજારોમાં કાપડ આવે ત્યારે, બ્રિટિશરોએ ભારતીય કાપડ ઉપર જકાત લેવા માટે કાપડના ત્રણ પ્રકાર પાડી નાંખ્યા હતા. જેમ કે, પ્રથમવર્ગમાં મલમલ હતું. આ કાપડ ઈંગ્લેન્ડના બંદર ઉપર આવતાની સાથે જ તેના પર ૧૦% જકાત લેવામાં આવતી. અને બજારમાં પહોંચે ત્યારે ૨૭% લેવામાં આવતી હતી. બીજા વર્ગમાં કેલિકો કાપડ હતું તે કાલિકટના આજુબાજુના વિસ્તારમાં બનતું, એ ખાસ પ્રકારનું કાપડ હતું. આ કાપડ બંદરમાં ઊતરતાજ જકાત લેવામાં આવતી હતી. એટલું નહીં, આ પ્રકારનું કાપડ વાપરવું એ ગુનો પણ ગણાતો હતો. આ રીતે બ્રિટિશ સરકારે ભારતીય કાપડના કાનૂની તેમજ સામાજિક રીતે લગભગ બહિષ્કારની જ સ્થિતિ સર્જી દીધી હતી. બ્રિટિશરો ભારતીય વણકરો પરના આવા અમાનુષી અત્યાચારો અંગે ઈતિહાસકાર વિલ્સન નોંધે છે કે 'ઈંગ્લેન્ડના પેજલી અને માન્ચેસ્ટરના કારખાનાઓનું ચણતર ભારતીય વણકરોના બલિદાન ઉપર જ કરવામાં આવ્યું' જેમ ઈંગ્લેન્ડમાં કાપડનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો એમ ભારતમાં પણ વણકરોની દુર્દશા માટેનો એક પણ પ્રયત્ન બાકી રાખવામાં આવ્યો નહોતો. ભારતના જ કાપડ ઉપર ભારતમાં જ ચાર ચાર વખત દાણ લેવામાં આવતું હતું. બિચારા વણકરો માટે પોતાની આ જીવાદોરીને કપાતી જોઈ રહ્યા સિવાય બીજો કોઈ માર્ગ જ નહોતો.

***બ્રિટિશરોના ભારતીય વણકરો પરના આવા અમાનુષી અત્યાચારો અંગે ઇતિહાસકાર વિલ્સન નોંધે છે કે 'ઇંગ્લેન્ડના પેજલી અને માન્ચેસ્ટરના કારખાનાઓનું ચણતર ભારતીય વણકરોના બલિદાન ઉપર જ કરવામાં આવ્યું.' અંગ્રેજ વિદ્વાન હર્બર્ટ સ્પેન્સર લખે છે કે, 'ભારતના આંતરિક વેપારમાં જે ધનની કમાણી કરવામાં આવી છે તે બધી કમાણી એવા ઘોર અન્યાયો તથા અત્યાચારો દ્વારા કરવામાં આવી છે કે, જેનાથી વધારે મોટા અન્યાયો તથા અત્યાચારો કોઇપણ દેશમાં તેમજ કોઇપણ જમાનામાં સાંભળવામાં પણ આવ્યા નહોતા!' બિચારા વણકરો માટે પોતાની આ જીવાદોરીને કપાતી જોઇ રહ્યા સિવાય બીજો કોઇ માર્ગ જ નહોતો.***

એજન્ટો, ગુમાસ્તાઓ, વ્યાપારી તેમજ અધિકારીઓના અત્યાચારો અંગે અંગ્રેજ વિદ્વાન હર્બર્ટ સ્પેન્સર લખે છે કે, 'ભારતના આંતરિક વેપારમાં જે ધનની કમાણી કરવામાં આવી છે તે બધી કમાણી એવા ઘોર અન્યાયો તથા અત્યાચારો દ્વારા કરવામાં આવી છે કે, જેનાથી વધારે મોટા અન્યાયો તથા અત્યાચારો કોઈપણ દેશમાં તેમજ કોઈપણ જમાનામાં સાંભળવામાં પણ આવ્યા નહોતા!' વિલિયમ બોલ્ટ્સ નામના લેખકે પણ વણકરો પરના ઘોર અત્યાચારો અંગે આ જ મતલબનું લખ્યું છે. અને કંપનીના લોકો દ્વારા વણકરોને કેવી રીતે હેરાન પરેશાન કરવામાં આવતા હતા તે અંગેના મળતા કેટલાક પુરાવાઓ તેઓએ નીચે ટાંકયા છેઃ

૧. કંપનીના એજન્ટો તથા ગુમાસ્તાઓ દ્વારા દંડ, કેદ, કોરડા ફટકારી જબરદસ્તીથી કબૂલાતનામાં લખાવી લેવામાં આવતા હતા.

૨. ગુમાસ્તાઓ વણકરો ઉપર દેખરેખ રાખવા માટે સિપાઈઓ ગોઠવી દેતા હતા. જેવો તાકો પૂરો થાય કે તરત જ શાળ ઉપરથી આ તાકો જબરદસ્તીથી ઉતરાવી લેવામાં આવતો હતો.

૩. વણકરો બીજા કોઈને કાપડ વેચવાનો પ્રયત્ન કરતા, તો આ એજન્ટો વણકરોને પકડતા, કેદ કરતા, હાથમાં હાથકડી પહેરાવતા, ભારે દંડ લેતા અને કોરડા મારવાની સજા પણ કરવામાં આવતી હતી.

૪. વણકરોને આપવામાં આવેલ આદેશ અનુસાર, મુકરર સમયમાં કાપડ વણીને ન આપે તો, તેનો બધો જ માલ જપ્ત કરી લઈ, તેનું લિલામ કરી નાખવામાં આવતું હતું.

૫. વણકરો જે સ્થળે રહેતા હોય ત્યાંથી બહાર જવાનું થાય તો, અંગ્રેજ અધિકારીની રજા લેવી પડતી હતી.

૬. આ વણકરો રાજા કે નવાબના સત્તા વિસ્તારમાં રહેતા હોય તો પણ, વણકરો ઉપર દબાણ લાવવા અંગ્રેજો પ્રયત્ન કરતા હતા. ભારત દેશના વણકરોની કરુણકથની એ હતી કે, આ સમયના દેશી શાસકો પણ અંગ્રેજો નચાવે તેમ પશ્ચિમી તાલ અને લયમાં નાચતા હતા.

૭. રેશમી કાપડ સાથે સંકળાયેલા વણકરોની તો એવી દુર્દશા કરવામાં આવી હતી કે, લોકોએ આ ઉદ્યોગને તિલાંજલિ આપવા માટે પોતાના અંગૂઠાઓ જ કાપી નાખ્યા હતા.

૮. બ્રિટિશ અધિકારીઓ વણકરો સાથે એવો કરાર કરતા હતા કે, તમે જેમ સારો માલ બનાવશો એમ તમે વધારે કિંમત મેળવી શકશો. આ પ્રકારના અંગ્રેજોના વચનથી વણકરો પોતાનો બધો જ શ્રમ આ તાકામાં રેડી દેતા હતા. પરંતુ વ્યાપારીઓ તો ઉત્તમ માલની કિંમત ચૂકવવાને બદલે ખરાબ માલની

***વણકરોને આપવામાં આવેલ આદેશ અનુસાર મુકરર સમયમાં કાપડ વણીને ન આપે તો, તેનો બધો જ માલ જપ્ત કરી લઇ તેનું લિલામ કરી નાખવામાં આવતું હતું. વણકરો જે સ્થળે રહેતા હોય ત્યાંથી બહાર જવાનું થાય તો અંગ્રેજ અધિકારીની રજા લેવી પડતી હતી. આ વણકરો રાજા કે નવાબના સત્તા વિસ્તારમાં રહેતા હોય તો પણ વણકરો ઉપર દબાણ લાવવા અંગ્રેજો પ્રયત્ન કરતા હતા. ભારત દેશના વણકરોની કરુણકથની એ હતી કે આ સમયના દેશી શાસકો પણ અંગ્રેજો નચાવે તેમ પનાચતા હતા. ભારતના વણકરો ઉપરના અંગ્રેજોના અત્યાચારો આટલા ક્રૂર અને અસહ્ય હોવા છતાંય દેશમાં ક્રાંતિ કેમ ન થઇ? આ એક અલગ સંશોધનનો વિષય છે.***

કિંમત ચૂકવતા હતા.

૯. આ કાપડની જે કિંમત મળતી તેનો અમુક ભાગ કર્મચારીઓ પોતાના ગજવામાં સરકાવી લેતા અને જો આ અંગે ફરિયાદ કરવામાં આવતી તો સૈનિકો વણકરોને ઢોરમાર મારતા હતા. શ્રમની કિંમત તો એક બાજુ રહી, પરંતુ માલની કિંમત પણ આપવામાં આવતી નહોતી. આ અધિકારીઓ વણકરોને કહેતા હતા કે તમે તમારું કાપડ સસ્તુ આપો અથવા અમારા સૈનિકોની ચાબૂક ખાવા માટે તૈયાર રહો.

૧૦. વણકરોને જાતિભ્રષ્ટ કરવામાં આવતા હતા. તેમજ વણકરોના ચારિત્રયની સરળતા અને શુધ્ધિના ભંગ કરવા માટે શરાબ પીવા માટે મજબૂર કરવામાં આવતા હતા.

૧૧. અંગ્રેજ કર્મચારીઓની જબરદસ્તીને લીધે અનેક વણકરોએ પોતાનો વ્યવસાય છોડી દેવાનો પ્રયાસ કર્યો હતો. તો સરકાર દ્વારા એવો નિયમ બનાવવામાં આવ્યો હતો કે વણકરોને લશ્કરમાં નોકરી આપવી નહીં.

૧૨. વણકરો પરના અન્યાય અને અત્યાચાર સામે, કોઈ આંદોલનની નેતાગીરી લે તો તેને જેલમાં પૂરવામાં આવતા અને ત્યાં જ મારી નાંખવામાં આવતા હતા.

ભારતના વણકરો ઉપરના અંગ્રેજોના અત્યાચારો આટલા કૂર અને અસહ્ય હોવા છતાંય દેશમાં ક્રાંતિ કેમ ન થઈ? આ એક અલગ સંશોધનનો વિષય છે. છતાંય સંક્ષેપમાં કહેવું હોય તો એમ કહી શકાય કે, વિશ્વના દેશોમાં જેટલી ક્રાંતિઓ થઈ છે એ તમામ કારીગરવર્ગના અસંતોષમાંથી જ થઈ હતી, પછી ભલે દાર્શનિકો, સાહિત્યકારો, નેતાઓએ આ લોકોની કરુણતા, યાતનાઓ પ્રત્યેની દયા અને અધિકારની તરફેણ કરીને તત્વ પૂરું પાડવું હોય! વિશ્વની ક્રાંતિઓમાં કારીગરોના ભલામાં આપણું સૌનું ભલું છે, એમ સમજાવનારું એક પવિત્ર તત્વ હતું. એ જ આ દેશના કારીગરોનું સદ્નસીબ હતું. જ્યારે આપણે ત્યાં તો તેવું દીવે શોધ્યું પણ જડે એમ ન હોતું. બીજુ બ્રિટિશ વ્યાપારીઓ અને શાસકો પાસે, પોતાના સામેની બે ક્રાંતિઓને દબાવી દેવામાં જે સફળતા મેળવી હતી, તેમાંથી મળેલો બોધપાઠ તાજો જ હતો. તે એ કે આ કારીગર વર્ગને એટલી હદ સુધી છંછેડવા નહીં કે તેનો ફૂંફાડો આપણી સત્તાને ભરખી જાય. તેથી તેઓ ભારતના કારીગરોને ડરાવતાં, ધમકાવતા, ઓછુ મહેનતાણું આપતા, પરંતુ જીવતાં ચામડી ઉખેડી નાખવી, આંખો ફોડી નાખવી, હાથ-પગ કાપી નાખવાનાં ઉદાહરણો જોવા મળતાં નથી. જોકે, ટોળાંઓ સામેના ગોળીબારોથી ઈતિહાસ ભરપૂર છે. પરંતુ એ તો આજે પણ ગોળીબારની ક્યોં નવાઈ છે?

આ સમયે વણાટ ઉદ્યોગમાં સંકળાયેલા લોકો માટે આ સમયની જાગૃત સરકાર સામેના અસંતોષને સંગ્રામનું સ્વરૂપ આપવું. એ બહુ મોટી વાત હતી.

# ૭

# ભારતના વણકરોનાં સ્વતંત્રતા માટેનાં આંદોલનો



બ્રિટિશરોની આર્થિક ગુલામીમાંથી છૂટકારો મેળવવા માટે વણકરોએ પોતાની સમજણ અને શકિતઓની મર્યાદાઓમાં રહીને, પોતાનો વિરોધ વ્યકત કર્યો હતો. તેમાંથી પરિણમેલાં કેટલાંક મહત્ત્વના આંદોલનોની ચર્ચા અહીં કરી છે.

**૧. શાંતિપુર (જિલ્લોઃ નદિયા)નો સંગ્રામ (૧૭૩૦):** બ્રિટિશરોના અન્યાયનો વધારે ભોગ બંગાળના વણકરો બન્યા હતા. શાંતિપુર નામના ગામમાં વણકરોના વસવાટો હતા. કંપનીના લોકો આ વણકરો પાસેથી જબરદસ્તીથી ખૂબ જ ઓછા ભાવે કાપડ ખરીદતા હતા. તેથી શાંતિપુરના વણકરો કંપનીને કાપડ આપવાને બદલે બીજા વ્યાપારીઓને કાપડ વેચી દેતા હતા. કંપનીના એજન્ટ બોલેન્ડે વણકરોની આ પ્રકારની



પ્રવૃતિને બંધ કરવા માટે કેટલાંક અન્યાયી પગલાંઓ લીધાં. આ સામે શાંતિપુરના વણકરોએ જોરદાર વિરોધ કર્યો હતો. બ્રિટિશરો સામે વિરોધ કરવાનું જ સ્વરૂપ હતું તે ઘણું મહત્વનું છે. તેઓ શંખનાદ કરી ગામના વણકરોને એકઠા કરતા હતા. તેઓ જાણતા હશે કે આપણા પ્રાચીન શાસ્ત્રોમાં શંખનાદને રોગનાશક અને આરોગ્યવર્ધક ગણવામાં આવ્યો છે. આ પ્રકારનું વણકરોને જ્ઞાન હશે તેથી તેઓ માનતા હશે કે, દેશના આર્થિક આરોગ્યને જાળવવા માટે આ શંખનાદ કારગત નીવડશે! તેઓ શંખનાદ સાંભળીને એક સભા યોજતા હતા. પોતાની મુશ્કેલીઓ અંગે ચર્ચા વિચારણા કરતા હતા. આ ગામમાં લોકોનો શંખનાદ એટલે દૂર સુધી સંભળાતો હતો કે, આજુબાજુના ગામોના લોકોએ પણ કંપની માટે કાપડ વણવાનું બંધ કરી દીધું હતું. સરકારના એજન્ટોએ પૂરી તાકાતથી વણકરોના અસંતોષને દાબી દેવાનો પ્રયાસ કર્યો હતો, વણકરના આ અસહકારને કાબૂમાં લેવા માટે તેઓ પર સિપાહીઓ રાખવામાં આવ્યા. કેટલાક વણકરોની ધડપકડ કરી, તેમને ખિદિરપુરની જેલમાં પૂરી દેવામાં આવ્યા હતા. આ સામે વણકરોએ ગવર્નર જનરલને એક આવેદનપત્ર આપ્યું હતું. તેમાં દર્શાવ્યા મુજબ એજન્ટે વણકરો સામેની અન્યાયી ખોટી ફરિયાદો પરથી તેઓના નેતાઓને પણ જેલમાં ધકેલી દીધા હતા અને જે બિમાર હતા, તેઓને પણ જેલમાં નાંખી દેવાતાં. આ આવેદન પત્રમાં વણકરોના વિરોધનો સૂર એટલો ઉગ્ર હતો કે, તેઓના અસંતોષમાં વજૂદ રહેલું છે તે ગવર્નર જનરલે પણ સ્વીકારવું પડયું અને તેઓ પણ સમજ્યા હતા કે, જ્યાં સુધી વણકરોને પોતાના શ્રમનું મૂલ્ય સમજીને વેતન નહીં આપવામાં આવે ત્યાં સુધી તેઓના અસંતોષને રોકી શકાશે નહીં.

શાંતિપુરના સંગ્રામના મુખ્ય વણકરનેતા હતા વિજયરામ, લોચનદુલાલ, રામહરિદુલાલ, કૃષ્ણચંદ્રબોડાલ, રામદાસ. આ બધા જ નેતાઓ શાંતિપુરથી પગપાળા

ચાલીને કલકત્તા આવ્યા હતા. આ પગપાળા યાત્રામાં સંગઠનની શકિતનું પ્રદર્શન હતું. વણકરોના આ સંગઠન પ્રદર્શન અંગે પ્રા. હરિરંજન ઘોષાલે નોંધ્યું છે કે, 'સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે, ભારતમાં ટ્રેડ યુનિયન આંદોલન પશ્ચિમના દેશોના પ્રભાવને લીધે ઉદ્દભવ્યુ હતું, પરંતુ આ સંપૂર્ણ સત્ય નથી. એક સમયે ભારતમાં 'ગિલ્ડ પ્રથા' હતી. જે ભારતનું ઔદ્યોગિક સંગઠન હતું અને તેમાં ટ્રેડ યુનિયન આંદોલનનાં બીજ રોપાયેલાં હતાં. અઢારમી સદીના અંતમાં બંગાળમાં વણકરોએ જે આંદોલન કર્યું હતું. તે આજના ટ્રેડ યુનિયન આંદોલન જેવું જ હતું.''

**૨. તીતાબાડી, સોનાર ગાંવ, (જિલ્લોઃ ઢાકા) નો સંગ્રામ (૧૭૭૫):** ઢાકા જિલ્લાના, ખાસ તો તીતાબાડીમાં રહેતા વણકરો વણાટમાં ઊંચી નામના ધરાવતા હતા. કંપનીએ આ ગામના વણકરોને જોર જુલમથી પોતાને માટે કાપડ વણવા માટે મજબૂર કર્યા હતા. તેથી તેમણે સામુહિક રીતે આ ધંધો છોડી દઇ, સ્થળાંતર કર્યું હતું. કંપની સામે અસંતોષ પ્રગટ કરવાના વણકરોના આ પ્રયાસથી ઘણું નુકસાન વણકરોને થયું હતું, કારણ કે તીતાબાડીના કાપડની માંગ વધારેમાં વધારે રહેતી હતી, તેથી જહોન વેબ નામના અધિકારીએ પણ યોગ્ય કિંમત ચૂકવવી પડી હતી. આ આંદોલનના મુખ્ય નેતા બોસ્તમદાસ હતા. કંપનીએ પોતાની શરતો માન્ય રાખવા બોસ્તમદાસ પર દબાણ કર્યું હતું. પરંતુ આ વણકર નેતાએ કંપનીના કરારપત્ર ઉપર સહી કરી નહીં. તેથી આ સમયના અધિકારી મૈકકુલુમે તેને જેલમાં પૂરી દીધા અને તેઓ ઉપર એટલો અત્યાચાર કરવામાં આવ્યો હતો કે તેઓનું મરણ થયું હતું. આ ઘટનાથી તીતાબાડીના વણકરોનો અસંતોષ વધુ ઉગ્ર બન્યો હતો. અંગ્રેજોના આ પ્રકારના અત્યાચારો સામે ઉગ્ર આંદોલન કરવામાં આવ્યું હતું. આ આંદોલનના મુખ્ય નેતા દુનીરામ પાલ હતા. આ આંદોલનનો પ્રભાવ એટલો બધો હતો કે, કંપનીને પોતાના અત્યાચાર ઉપર નિયંત્રણ રાખવા માટે મજબૂર થવું પડયું હતું. સોનારગામના વણકરો સાથે કંપનીએ કરાર કર્યો હતો કે, તેઓ ઉત્તમ કાપડ માટે વધુ કિંમત આપશે, તેથી વણકરોએ શ્રમ કરીને ગુણવત્તાયુક્ત સુંદર કાપડ કંપનીને આપ્યું

***કંપનીના એજન્ટો અને ગુમાસ્તાઓ પણ કંપની તરફથી જે મહેનતાણું વણકરોને ચૂકવવામાં આવતું હતું. તેમાં મોટી કટકી પડાવતા હતા. વણકરો એ સરકારને ફરિયાદ કરી, તો એજન્ટોએ આ લોકોના મુખ્ય નેતાઓને જેલમાં પૂરાવી દીધા હતા. આમ એજન્ટોના શોષણ સામેનો અવાજ પણ સરકાર રૂંધતી હતી. તેથી વણકરોમાં ઉશ્કેરાટ વધી ગયો હતો. કંપની સરકારની વણકરો માટેની 'પાસ પ્રથા'ના વિરોધમાં તેઓએ કંપની માટે કાપડ બનાવવું જ નહીં એ નક્કી કર્યું હતું. તેઓ ગામ છોડીને જતાં રહ્યા. અને બીજા વ્યાપારીઓ માટે કાપડ બનાવવા લાગ્યા હતા. કંપનીના કામનો બહિષ્કાર કરીને પોતાના અસંતોષને વ્યક્ત કર્યો***





હતું. પરંતુ કંપનીના ડે નામના અધિકારીએ તે કરારનો ભંગ કરી, વણકરોને કાપડની પૂરી કિંમત ના ચૂકવી. તેથી કંપની સામે સોનારગામના વણકરોએ આંદોલન કર્યું હતું.

**૩. સોનામુખી અને હરિયાલ (જિલ્લોઃ રાજશાહી)ના વણકરોનું આંદોલન (૧૭૮૭):** વણકરોને કંપની સરકાર તો લૂંટતી જ હતી. સાથે સાથે કંપનીના એજન્ટો પણ કંપની તરફથી જે મહેનતાણું વણકરોને ચૂકવવામાં આવતું હતું. તેમાંથી મોટી કટકી પડાવતા હતા. આ સામે વણકરો એ સરકારને ફરિયાદ કરી હતી. તો એજન્ટોએ આ લોકોના મુખ્ય નેતાઓને જેલમાં પૂરાવી દીધા હતા. આમ એજન્ટોના શોષણ સામેનો અવાજ પણ સરકાર રૂંધતી હતી, તેથી વણકરોમાં ઉશ્કેરાટ વધી ગયો હતો. કંપની સરકારની વણકરો માટેની 'પાસ પ્રથા'ના વિરોધમાં તેઓએ કંપની માટે કાપડ બનાવવું જ નહીં એ નક્કી કર્યું હતું. તેઓ ગામ છોડીને જતાં રહ્યાં અને બીજા વ્યાપારીઓ માટે કાપડ બનાવવા લાગ્યા હતા. આ રીતે કંપનીના કામનો બહિષ્કાર કરીને કંપની સામેના પોતાના અસંતોષને વ્યક્ત કર્યો હતો. જોન ચિપ નામના અધિકારીએ દંડનીતિ અપનાવી પરંતુ તેનાથી વણકરો ઉપર કશો પ્રભાવ પડ્યો નહીં. હરિયાલના વણકરોએ સમયાનુસાર પોતાના કાપડની વધારે કિંમત માંગી હતી, પણ કંપની આ માટે તૈયાર ન થતાં વણકરોએ પાતળું કાપડ બનાવવું જ બંધ કરી દીધું અને સ્વદેશમાં ઉપયોગી બને એવું કાપડ વણવા લાગ્યા હતા. કંપનીએ અનેક ધાકધમકીઓ

આપી, પરંતુ તેઓ પોતાના નિર્ણયમાં અડગ રહ્યા હતા. વણકરોના ઉપરોકત સંગ્રામો બંગાળમાં થયાં હતાં; કારણ કે બંગાળમાં કંપનીની રાજસત્તા વધારે પ્રભાવ ધરાવતી હતી. વળી ઉદ્યોગ અને વ્યાપાર માટેની કેટલીક પાયાની સુવિધા હોવી જોઇએ તેની અનુકૂળતા બંગાળમાં હતી. તેમજ વણાટ ઉદ્યોગની વ્યાપકતા એટલી વધારે હતી કે, આ ઉદ્યોગની નાની સરખી મુશ્કેલીની જાણ ઉદ્યોગના સંગઠનને થતી હતી, જે કંપનીના દસ્તાવેજોમાંથી જાણી શકાય છે.

***બંગાળ ઉપરાંત દક્ષિણ ભારત, ઉત્તર ભારત, રાજસ્થાન, ગુજરાતમાં અંકલેશ્વર, ભરૂચ, ડભોઇ, વડોદરા, નડિયાદ, ધોળકા, અમદાવાદ, સુરત, કચ્છ, મધ્યપ્રદેશ, વગેરે પ્રદેશોમાં પણ કંપની સામે, વણકરો પરના અત્યાચારો અને શોષણ સામે વિરોધ પોકારતા આંદોલનો થયાં હતાં. વણકરોએ પોતાની શકિત પ્રમાણે અંગ્રેજોનો મુકાબલો કર્યો હતો. આ અંગ્રેજોને રાજસત્તાનું પીઠબળ હતું. તેથી તેઓ માતેલા સાંઢની અદાથી વણકરોના શ્રમ અને કૌશલ્યને કચડતા રહ્યા હતા. આ સમયના દેશના શાસકો, સૂતરના તાંતણે થતી દેશની પ્રગતિ ભાળી શક્યા નહોતા. વણકરો દેશ માટે કલ્પવૃક્ષ હતા એવું જ્ઞાન તેમને લાગ્યું નહીં. એ અંગ્રેજોનું સદ્દનસીબ અને દેશની કમનસીબી હતી.***

બંગાળ ઉપરાંત દક્ષિણ ભારત, ઉત્તર ભારત, રાજસ્થાન, ગુજરાતમાં અંકલેશ્વર, ભરૂચ, ડભોઇ, વડોદરા, નડિયાદ, ધોળકા, અમદાવાદ, સુરત, કચ્છ, મધ્યપ્રદેશ, વગેરે પ્રદેશોમાં પણ કંપની સામે, વણકરો પરના અત્યાચારો અને શોષણ સામે વિરોધ પોકારતાં આંદોલનો થયાં હતાં. વણકરોએ પોતાની શકિત પ્રમાણે અંગ્રેજોનો મુકાબલો કર્યો હતો. આ અંગ્રેજોને રાજસત્તાનું પીઠબળ હતું. તેથી તેઓ માતેલા સાંઢની અદાથી વણકરોનાં શ્રમ અને કૌશલ્યને કચડતા રહ્યા હતા. આ સમયના દેશના શાસકો, સૂતરના તાંતણે થતી દેશની પ્રગતિ ભાળી શક્યા નહોતા. વણકરો દેશ માટે કલ્પવૃક્ષ હતા, એવું જ્ઞાન તેમને લાધ્યું નહીં. એ અંગ્રેજોનું સદ્દનસીબ અને દેશની કમનસીબી હતી. અને આજ પર્યંતન આવી માનસિકતા જોવા મળે છે.

# ૮

# નિષ્કર્ષ



અહિંયા ૧૮મી અને ૧૯મી સદીના વણકરોના સંઘર્ષની કથામાંથી દેશની પ્રગતિ અને આર્થિક અવદશાના સ્ફુરણોનો તાગ મેળવવાનો પ્રયાસ કર્યો છે. પુરાવાઓની વિગતોનું પોતાના દૃષ્ટિકોણથી અવલોકન અને મૂલ્યાંકન કરવાનો ઈતિહાસકારો, લેખકને અધિકાર છે. પરંતુ પોતાનો દૃષ્ટિકોણ જ સત્ય છે, એવો હક્ક રજૂ કરવો એ વધારે પડતું



ગણાય. એ અમાન્યતા જાળવીએ. અને એ સમયના સંઘર્ષમાંથી કંટકો અને ફૂલો શોધવાનો પ્રયત્ન કર્યો છે. મનુષ્યનો આનંદ કે સુખ તેના કૌશલ્ય પ્રધાન શ્રમમાં હોય છે. આવો આનંદ વણકરોની હાથશાળો થકી દેશના મહેલો સુધી છલકાતો હતો. આજ સમયે ઈ.સ.૧૭૫૭ માં આપણા દેશમાં બ્રિટિશ રાજ્યનો પાયો નંખાયો, ભારતની પ્રજાનું શોપણ પણ તે પછી વેગવાન બન્યું. આ સમયના બ્રિટિશ સામ્રાજ્યનો ઠાઠમાઠ આપણા દેશના આર્થિક શોપણમાંથી સર્જાતો હતો. આ અંગે સર ચાર્લસ ટ્રેવેલિયને નોંધ્યું છે કે, 'ઈ.સ.૧૮૩૩ સુધીમાં બંગાળના વણકરોના હાથમાંથી વાર્ષિક લગભગ એક કરોડ રૂપિયાની વિલાયતની બજાર તથા ૮૦ લાખ રૂપિયાની બંગાળની બજાર છીનવી લેવામાં આવી હતી.' અન્ય પ્રદેશની પણ આવી જ સ્થિતિ સર્જવામાં આવી હતી, અંગ્રેજો માટે વણકરો દૂજણી ગાય સમાન હતા, તેથી એક અધિકારી ઘાસ આપતો તો બીજો દોહી લેતો હતો. અંગ્રેજોની ભારતના વણકર પ્રત્યેની નીતિમાંથી તેઓની વ્યાપારી મુત્સદ્દીગીરીના સ્વરૂપનો પણ ખ્યાલ આવી શકે એમ છે. આર્થિક વિકાસમાં વ્યાપારીવર્ગનું તેમજ કારીગરવર્ગનું બહુ મહત્ત્વનું યોગદાન રહ્યું છે. પરંતુ આશ્ચર્ય પમાડે એવી બાબત તો એ છે કે, આ બન્ને વર્ગ એકબીજા થકી, પ્રતિ જ્ઞાત હોવા છતાંય એકબીજાને ખતમ કરી નાંખવા જેટલું વૈમનસ્ય ધરાવે છે. બ્રિટિશ વ્યાપારીઓએ પોતાની સામે થયેલા કારીગરોનો રોષ સમગ્ર ભારતના કારીગરો પર ઉતાર્યો હતો. વણકરોના

શોષણ સામે દેશના વણકરોએ વિરોધનો શંખ ફૂંક્યો હતો. તેઓમાં અને અન્ય લોકોમાં બ્રિટિશરોના વ્યાપારી કુકર્મોનો પડદો ઊંચકવાની ઉત્સુકતા જાગી હતી. દેશના શોષિતોને એ પણ સમજાયું કે દેશમાં બ્રિટિશરોની સફળતાનું એક કારણ તેઓની સંગઠિત તાકાત છે. જો આપણા દેશમાં પણ લોકશક્તિનું સંગઠન સધાય તો બ્રિટિશ સામ્રાજ્યના મૂળને ઉખેડી નાંખવામાં વધારે રાહ જોવી નહીં પડે. આ વણકરોના સંગઠનની એકતા એટલી મજબૂત બની હતી કે, અંગ્રેજોની ભાગલા પાડો અને રાજ કરો નીતિને મચક આપી નહીં. જોન ચિપ નામના એક અધિકારીએ લખ્યું છે કે, ‘‘કંપનીનો ખૂબજ અત્યાચારપૂર્ણ વ્યવહાર હોવા છતાંય, તેમની (વણકરો) એકતાને તોડવી ખૂબજ મુશ્કેલ છે. એમાં મને સહેજ પણ શંકા નથી.’’આમ આ સમયે આ એક જ વ્યવસાય એવો હતો કે જેમાં ભારતવર્ષના તમામ ધર્મો અને જ્ઞાતિના લોકોનો હિસ્સો હતો, અને એજ એની મોટી તાકાત હતી. છતાંય પરિસ્થિતિ એવી સર્જાઇ હતી કે અંગ્રેજો સામે પૂર્ણ સફળતાનો માર્ગ કંડારી શકાયો નહોતો.

જેમ રશિયાનો ‘પીટર ધ ગ્રેટ’ પોતાના દેશની વહાણ બાંધવાની કલાને ‘રાષ્ટ્રીયકલા’નો દરજ્જો આપી, વિશ્વ પ્રસિદ્ધ થયો હતો, એમ આપણા દેશની વણાટકલાએ પણ આ દેશની ‘રાષ્ટ્રીયકલા’ તરીકે પ્રસિદ્ધિ મેળવી હતી. તેનું સાંસ્કૃતિક અને આર્થિક પ્રગતિના ઈતિહાસમાં અજોડ યોગદાન રહ્યું છે. અંગ્રેજોએ આ કલાનો ખૂબ જ ધીરજ અને ખંતથી નાશ કર્યો. તો બીજી તરફ ગાંધીજીએ આ ઉદ્યોગની નિર્માણ પ્રવૃત્તિમાં રસ લીધો. તે પણ આઝાદીનો હેતુ બર આવતાં ઓસરી ગયો છે. ગાંધી યુગના અસહકાર આંદોલનોના પગરણ આ સંગ્રામોથી મંડાઇ ચૂકયાં હતાં. એકતાની ભાવના અને તેની અસહકારની તાકાત વણકરોના સંઘર્ષોમાં પણ પ્રગટ થયેલી જણાય છે. વણકરોના સંઘર્ષોમાં શોષણનો વિરોધ અને પ્રજાકીય પુરુષાર્થનો પડઘો હતો. આ પુરુષાર્થની પ્રગતિનો નિર્દેશ તો ઈતિહાસમાં અવિસ્મરણીય રીતે પ્રગટ થતો રહ્યો છે.

***દેશમાં બ્રિટિશરોની સફળતાનું એક કારણ તેઓની સંગઠિત તાકાત છે. જો આપણા દેશમાં પણ લોકશક્તિનું સંગઠન સધાય તો બ્રિટિશ સામ્રાજ્યના મૂળને ઉખેડી નાંખવામાં વધારે રાહ જોવી નહી પડે. આ વણકરોના સંગઠનની એકતા એટલી મજબૂત બની હતી કે, અંગ્રેજોની ભાગલા પાડો અને રાજ કરો નીતિને મચક આપી નહી. જોન ચિપ નામના એક અધિકારીએ લખ્યું છે કે, ‘‘કંપનીના ખૂબજ અત્યાચારપૂર્ણ વ્યવહાર હોવા છતાંય તેમની (વણકરો) એકતાને તોડવી ખૂબજ મુશ્કેલ છે. એમાં મને સહેજ પણ શંકા નથી.’’ આમ આ સમયે આ એક જ વ્યવસાય એવો હતો કે જેમાં ભારતવર્ષના તમામ ધમી અને જ્ઞાતિના લોકોનો હિસ્સો હતો, અને એજ એની મોટી તાકાત હતી.***

અંગ્રેજોએ આપણા આ મહાન વારસાની ઝાંખી સમાન વણકરોના ઘરમાં હાથશાળોના અવશેષ રહેવા દીધા તેજ બહુ કહેવાય. અંગ્રેજો સામે ભારતના કર્મવીરોએ કરેલા મુકાબલાના સગડ વણકરોના આંદોલનોમાં મળે છે. પોતાને થયેલા અન્યાયો અને અંગ્રેજોની રીતરસમથી વાજ આવી ગયેલી ભારતીય પ્રજામાં અંગ્રેજો સામે થવાનું સૌથી પહેલું સાહસ કોઈએ કર્યું હોય તો તે વણકરો છે. વણાટ કલાની આ ભવ્ય ઈમારતનો જીર્ણોધ્ધાર કોણ કરશે? આવો પ્રશ્ન દેશના નિર્માણકર્તાઓ જ ઉકેલી શકે. તેઓ આ સંગ્રામોમાંથી બોધ લે. ગરીબ, લૂંટાયેલા છતાં સુષુપ્ત શક્તિવાળા



**વણકરોના માનમાં રજૂ થયેલી ટપાલ ટીકિટ**

આ લોકોને સજીવન કરવા હોય, તો આ ઉદ્યોગનો ઉધ્ધાર થવો ઘટે. તેમાં દેશનો વિકાસ દ્વાર રહેલો છે. દેશ આઝાદ થયા પછી પણ આ વણાટકલા ઉદ્યોગને યોગ્ય પરિપેક્ષમાં પ્રોત્સાહન આપવામાં આવ્યું નથી. જે પ્રકારે પહેલાં હાથ વણાટકલાને રિબેટ તેમજ ડિવિડંડ અપાતુ હતું તે પણ બંધ કરીને, હાથકલાને નેસ્તાનાબૂદ કરવામાં આવી છે; છતાં હજુ પણ હાથ વણાટકલાઓ ભારતમાં અને ગુજરાતમાં ખૂબ જ સારી ગુણવત્તાયુક્ત જોવા મળે છે. તેનાં ઉદાહરણ., પાટણનાં પટોળાં, ગોંડલની ખાદી પણ, સુરેન્દ્રનગર, રાજકોટ તથા ગુજરાતમાં અન્ય જીલ્લાઓમાં જોવા મળે છે. આ વણાટકલાને અને વણાટ ઉદ્યોગને સાચવી રાખવો એ રાષ્ટ્રના લોકોની અને સરકારની નૈતિક જવાબદારી હોવી જોઈએ. પરંતુ તેવું ભારતની સરકાર કરશે કે નહીં તે એક મોટો પ્રશ્ન થાય છે. આપણે ભારતના લોકો ભારતની ભાતીગળ લોકકલાને સાચવીએ તો ભયો...ભયો...

જય હિન્દ, જય ભીમ.



**અંગ્રેજો સામે ભારતના કર્મવીરોએ કરેલા મુકાબલાના સગડ વણકરોના આંદોલનોમાં મળે છે. પોતાને થયેલા અન્યાયો અને અંગ્રેજોની રીતરસમથી વાજ આવી ગયેલી ભારતીય પ્રજામાં અંગ્રેજો સામે થવાનું સૌથી પહેલું સાહસ કોઈએ કર્યું હોય તો તે વણકરો છે.**





ભારતના લોકોનો મુખ્ય વ્યવસાય ભલે ખેતીનો હતો, પરંતુ તેની સાથે બીજા ઘણાં હસ્ત ઉદ્યોગો હતા. તેમાં સૌથી મહત્વનો ઉદ્યોગ વણાટકામ હતો. રૂમાંથી બારીકમા બારીક સૂતર અને તેમાંથી તેવું જ અતિબારીક અને મુલાયમ કાપડ વણવાનું કૌશલ્ય ભારતના વણકરો પાસે હતું. તેના કાપડ સાથે સ્પર્ધા કરી શકે એવા વણકરો અને વણાટકલા વિશ્વમાં ન હતા. ભારતના વણકરો સદીઓથી આવું બારીક મુલાયમ કાપડ વણી શકતા હતા. સૌથી પ્રસિદ્ધ કાપડ મલમલનું હતું. ‘‘ભારતીય કાપડ તેની સુંદરતા અને ટકાઉપણાને લીધે, પશ્ચિમના દેશોમાંખૂબ જ પ્રખ્યાત હતું શ્રી કે.ડી. ચટ્ટોપાધ્યાયે નોંધ્યું છે કે, કદાચ ભારત એકમાત્ર એવો દેશ હતો કે, જે સમગ્ર વિશ્વમાં વપાટકલામાં અજોડ હતો. એશિયા, ઈજિપ્ત અને દક્ષિણ યુરોપમાં આ દેશના કાપડની પુષ્કળ માંગ રહેતી હતી. ભારતીય કાપડ વિશ્વમાં પ્રખ્યાત હતું તેનું મુખ્ય કારણ વણકરોનું કૌશલ્ય તો હતું જ, પરંતુ તે ઉપરાંત અન્ય પરિબળો પણ પ્રોત્સાહક હતાં, જેમકેઃ રૂ ખરીદવાની, સૂતર કાંતવાની અને કાપડ વણી સ્થાનિક બજારોમાં તે વેચવાની સ્વતંત્રતા હતી, સૌથી મહત્વની બાબત એ હતી કે, વણકરોની આજીવિકા આ વણાટ ઉદ્યોગ હતો, તેથી પેઢી દર પેઢી પ્રાપ્ત પોતાનાં અનુભવ અને સુઝબૂઝને તેઓ પોતાના આ વ્યવસાયમાં નિચોવી નાંખતા હતા. તેને લીધે કાપડનું ટકાઉપણું, મુલાયમતા, ચળકાટ અને સુંદરતાનો સમન્વય સર્જી શકાતો હતો. પરદેશીઓને તેની આ ખાસિયતો સ્પર્શી જતી હતી.

**નાથુ સોસા**

સૂર્યજીત પબ્લિકેશન્સ પ્રાઈવેટ લિમિટેડ